આજનો સુવિચાર

જો તમે દરેક પરિસ્થિતિમાં ખુશ છો તો તમે દુનિયાના સૌથી ખુશ વ્યક્તિ છો.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૦૪ જૂનાગઢ તા.૧૧-૧૨-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 304, Junagadh : Date : 11 December, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# કલમ-૩૭૦ હટાવવાનો કેન્દ્રનો નિર્ણય યોગ્ય : સુપ્રિમ કોર્ટ



જમ્મુ- કાશ્મીરનો પૂર્ણ રાજયનો દરજ્જો બહાલ કરી તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ સુધી ચૂંટણી યોજવા સુપ્રિમ કોર્ટનો આદેશ : ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડનાં નેતૃત્વ હેઠળની પાંચ ન્યાયધીશોની બનેલી બંધારણીય બેંચે ૫-૦થી સર્વાનુમતે ઐતિહાસીક ચુકાદો આપ્યો

નવી દિલહી તા. ૧૧

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવવાનાં કેન્દ્ર સરકારનાં નિર્ણયને સુપ્રિમ કોર્ટે બહાલ રાખ્યો છે. સુપ્રિમ કોર્ટે આજે આપેલા ઐતિહાસીક ચુકાદામાં જણાવ્યું છે કે, કેન્દ્ર સરકારે કરેલો નિર્ણય ભારતનાં બંધારણનાં અધિકાર ક્ષેત્ર હેઠળ આવે છે. જમ્મુ-કાશ્મીરમાં ૩૭૦ની જોગવાઈ એક અસ્થાયી જોગવાઈ હતી. સુપ્રિમ કોર્ટે તેના ચુકાદામાં સાથોસાથ એવો પણ આદેશ આપ્યો છે કે, બને તેટલી ઝડપથી જમ્મુ-કાશ્મીરનો પુર્ણ રાજયનો દરજ્જો બહાલ કરવામાં આવે અને તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ પહેલા રાજયમાં ચૂંટણી યોજવામાં આવે. આમ સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં બે મહત્વનાં નિર્ણયો જાહેર કર્યા છે જેમાં એક કલમ-૩૭૦ હટાવવાનાં કેન્દ્રનાં નિર્ણયને મંજુરીની મહોર મારી છે અને સાથો સાથ જમ્મુ-કાશ્મીર રાજયનો પુર્ણ કક્ષાનો દરજ્જો કાયમ કરી તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ પહેલા ચૂંટણીઓ યોજવામાં આવે. સુપ્રિમ કોર્ટનો આદેશ સ્પષ્ટ છે કે, જમ્મુ-કાશ્મીર રાજયમાં પણ ચુંટાયેલી સરકાર જ શાસન કરે. એટલે કે, રાષ્ટ્રપતિ શાસન સપ્ટેમ્બર ૨૦૨૪ બાદ લાગુ થઈ શકશે નહી. આમ હવે જમ્મુ-કાશ્મીરમાં આજથી જ રાજકીય પ્રક્રિયા અને ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ જશે તેવું માનવામાં આવી રહયું છે. સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડે તેમનો ચુકાદો વાંચતા એવું નિરીક્ષણ કર્યુ હતું કે, યુનિયન ઓફ ઈન્ડીયામાં વિલયની સાથે જ જમ્મુ-કાશ્મીર રાજયએ તેની સંપ્રભુતા છોડી છે. તેમજ કેન્દ્ર - રાજય વચ્ચેનાં સંબંધો સંવિધાનમાં સ્પષ્ટ છે. જમ્મુ-કાશ્મીરનું બંધારણ ભારતનાં બંધારણને આધીન આવે છે. તેથી કેન્દ્ર સરકારનો નિર્ણય સંવિધાનનાં દાયરામાં છે અને વિલય બાદ જમ્મુ-કાશ્મીર રાજય સાર્વભૌમ રાજય રહેતું નથી. ચીફ જસ્ટીસે વધુમાં કહયું કે, જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે તેથી કેન્દ્રનાં નિર્ણય પર સવાલ ઉચિત નથી. વિશેષ પરિસ્થિતિઓમાં જ કલમ-૩૭૦ લાગુ કરવામાં આવી હતી જે અસ્થાયી ઉદ્દેશ માટે હતી.

અનુ. પાના નં. ૮ પર





## હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ

HOTEL GREENLAND | ઠાકરથાળ

સુવિધાઓ
- બેન્કવેટ હોલ
- પાર્ટી લોન

મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ

**ઠાકર થાળ** એક ખાનદાની પરંપરા

સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ

જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com



## મહાયોગી
## વિરેચન ચૂર્ણ

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો

કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : **સાગર માર્કેટીંગ**
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ

ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

www.domsindia.com

'EVERY AMBITION NEEDS PREPARATION'



Sold **3.93** billion units*
across **7** product categories

**14** manufacturing facilities
across **~1.25** million sq. ft.

**4000+** distributors across
**28** states & eight UTs touching
over **120,000** retail touch points

Exports to over **45** countries

**We have a diversified 'Stationery & Art' products portfolio, catering to evolving customer requirements**

- Design, develop, manufacture and sell a wide range of products in the domestic market as well as internationally
- Differentiated product portfolio with the widest breadth of product categories amongst peers in India**
- India's fastest growing 'Stationery & Art' products company in terms of revenue growth$**
- 7 product categories with over 3,800 SKUs# with ~12% market share within the Indian 'Stationery & Art' by value as of Fiscal 2023**

* for Fiscal 2023, $ from Fiscal 2020 to Fiscal 2023, ** Source: Technopak Report, # as of September 30, 2023

DOMS®
DOMS Industries Limited

SCHOLASTIC STATIONERY | SCHOLASTIC ART MATERIAL | PAPER STATIONERY | KITS AND COMBOS | OFFICE SUPPLIES | HOBBY AND CRAFT | FINE ART PRODUCTS

**RISK FACTORS : 1) Loss in past** - We have incurred a loss of ₹60.26 million in Fiscal 2021 predominantly due to COVID-19 related lockdown, which resulted in the closure of domestic and export markets, especially educational institutions, offices and workplaces and retail outlets. If we fail to maintain profitability and incur losses again, our business operations and growth strategy will be adversely affected. **2) Negative cash flows** - We have had negative cash flows in previous financial years and may continue to have negative cash flows in the future, which could adversely affect our liquidity and operations. **3) Competition risk** - We face significant competitive pressures in our business. Our inability to compete effectively would have a material adverse effect on our business, prospects, operations or financial results. **4) Dependence on FILA** - We are dependent on the FILA Group for our business operations and in particular for our export sales. In the event FILA ceases to be our Promoter, it may affect our business operations, adversely impact our R&D and export capabilities. Further, any damage to the reputation of the FILA Group may adversely affect our business, results of operations and financial condition. Further, FILA is a major Selling Shareholder and is selling Equity Shares aggregating upto ₹ 8,000 million in the Offer. **5) Supply risk** - We have not entered into any formal contracts or exclusive arrangement with our suppliers from whom we procure materials consumed by us for our manufacturing process. Further, we are dependent on certain limited suppliers for some of our raw materials. In the event, we are unable to procure such materials at terms favourable to us, or at all, our business, financial condition and results of operations may be adversely affected. For further details, see "Risk Factors" on page 32 of the RHP

**DOMS INDUSTRIES LIMITED** is proposing, subject to the receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the RHP dated December 02, 2023 with RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, the website of the Company at www.domsindia.com and the websites of the Book Running Lead Managers ("BRLMs"), i.e. JM Financial Limited, BNP Paribas, ICICI Securities Limited and IIFL Securities Limited at www.jmfl.com, www.bnpparibas.co.in, www.icicisecurities.com and www.iiflcap.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section titled 'Risk Factors' on page 32 of the RHP. Potential investors should not rely on the Draft Red Herring Prospectus filed with SEBI for making any investment decision and instead should place reliance on the RHP.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933 (the "U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S and the applicable laws of each jurisdictions where such offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 461



# ગિરનાર પર્વતના ૩,૧૦૦ પગથિયે દીપડા દેખાતા યાત્રિકોમાં ભયની લાગણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

તાજેતરમાં ગિરનાર ક્ષેત્રમાં યોજાયેલી પરિક્રમા દરમ્યાન દીપડાએ હુમલો કરતા એક બાળકીનું મૃત્યું થયું હતું. જયારે શહેરના વિવિધ વિસ્તારોમાં પણ અવાર-નવાર દીપડા આવી ચડતા હોય જેને લઈને લોકોમાં ભય ઉઠવા પામ્યો હતો. ગિરનાર જંગલ વિસ્તાર અને ભવનાથ વિસ્તારમાં અવાર-નવાર વન્યપ્રાણીઓ દેખા દે છે ત્યારે ગિરનારના ૩૧૦૦ પગથીયે દીપડા દેખાતા ભાવિકોમાં ભયની લાગણી ઉઠવા પામી હતી. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢના ગિરનારના ૩,૧૦૦ પગથિયે દીપડાએ દેખા દેતા યાત્રિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગે મળતી વિગત મુજબ છેલ્લા કેટલાક સમયથી દીપડાઓનો ત્રાસ સતતવધી રહ્યો છે. શહેરના દોલતપરા, ખામધ્રોળ, ટીંબાવાડી, મધુરમ સહિતના અનેક વિસ્તારોમાં દીપડાના આંટાફેરા વધી રહ્યા છે. પરિણામે શહેરીજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. ત્યારે હવે આ દીપડાઓએ ગિરનાર પર્વત ઉપરના પગથિયા ઉપર પણ દેખા દીધી હોવાના વાવડ મળી રહ્યા છે. આ અંગે કેટલાક યાત્રિકોએ જણાવ્યું હતું કે, તેઓ વ્હેલી સવારે ગિરનાર પર્વતની યાત્રા કરી રહ્યા હતા. ત્યારે ૩,૧૦૦ પગથિયા આસપાસ બે દીપડાએ દેખા દીધી હતી. દીપડા હોવાની જાણ થતા યાત્રિકોમાં ભયનું લખલખું પસાર થઈ ગયું હતું. ગિરનારની યાત્રા કરવા દેશભરમાંથી મોટી સંખ્યામાં ભાવિકો આવતા હોય છે. આવા યાત્રિકોની આખી રાત ગિરનારની સીડી ઉપર અવર જવર રહેતી હોય છે. ત્યારે સીડી ઉપર દીપડા દેખાતા ભાવિકો ભયથી થરથર ધ્રુજી રહ્યા છે. ત્યારે આવા દીપડાને કેદ કરવા યાત્રિકોમાંથી માંગ ઉઠી છે. દરમ્યાન આ અંગે આરએફઓ અરવિંદ ભાલીયાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, ગિરનારના પગથિયે દીપડા દેખાયા હોવાની લોકોમાં ચર્ચા થઈ રહી છે, પરંતુ અમને હજુ સુધી લોકોમાંથી જાણ- ફરિયાદ થઈ નથી. તેમ છતાં અમારી વન વિભાગની ટીમને સતર્ક કરી દેવાઈ છે અને સતત પેટ્રોલીંગ કરાઈ રહ્યું છે. પેટ્રોલીંગ દરમ્યાન અમને હજુ સુધી દીપડા હોવાના કોઈ સગડ મળ્યા નથી તેમ છતાં અમે કોઈ રિસ્ક લેવા માંગતા નથી. માટે પુરતી નિગરાની રખાઈ રહી છે.

# માંગરોળનાં માનખેત્રા ગામેથી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

## વિદેશી દારૂની ૩૦૮ નંગ પેટીઓ સાથે કુલ રૂા.૨૯,૩૮,૯૨૦નો જથ્થો પકડતી પાડતી જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ/માંગરોળ તા.૧૧

જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના માનખેત્રા ગામેથી ૩૦૮ નંગ વિદેશી દારૂ ભરેલી પેટીઓ સાથે ત્રણ ઈસમો જુનાગઢ ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયા છે. ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ.શ્રી જે.જે.પટેલ તથા પો.સ.ઈ.શ્રી જે.જે.ગઢવી. ડી.કે.ઝાલા તથા પોલીસ સ્ટાફના એ.એસ.આઈ.નિકુલ પટેલ, વિક્રમ ચાવડા તથા પો.હે.કો. જીતેશભાઈ મારૂ, ઈન્દ્રજીતસિંહ ઝાલા, આઝાદસિંહ સિસોદીયા તથા પો.કો. સાહીલ શમા વગેરે ક્રાઈમ બ્રાન્ચ ખાતે હાજર હોય. તે દરમ્યાન ખાનગીરાહે ચોક્કસ બાતમી મળેલ કે, જૂનાગઢ ગાંધીગ્રામ રહેતા રવિ હમીર ભારાઈ, દેસુર જેસા કરમટા તથા મેરા પરબત શામળાએ ભાગીદારીમાં પોતાના મળતીયા મારફતે ગેરકાયદેસર રીતે બહારના રાજ્યમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવેલ હોય અને આ જથ્થો માંગરોળ ના માનખેત્રા ગામ પાસે કેશોદ રોડ પર આવેલ પિયુષ હરીભાઈ ખેર રહે. માનખેત્રાવાળાના સીરામક હબ નામના ગોડાઉનમાં રાખી તેના માણસો સાથે મળી કટીંગ કરે છે. તેવી ચોક્કસ હકિકત મળેલ હોય. જે હકિકત આધારે માનખેત્રા ગામે આવેલ હકિકત વાળા ગોડાઉનમાં રેઈડ કરતા ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ ભરેલ જોવામાં આવેલ. જે ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટીઓ તથા અન્ય મુદામાલ કબ્જે કરી માંગરોળ પોલીસ સ્ટેશનમાં. પ્રોહીબીશન હેઠળ ગુન્હો રજી કરાવવામાં આવેલ. વિદેશી દારૂ ભરેલી ૧૩ લાખ ૩૦ હજાર ની ૩૦૮ પેટીઓ તેમજ અન્ય મુદ્દામાલ સાથે કૂલ ૨૯ લાખ ૩૯ હજાર નો જથ્થો ઝડપી પાડયો છે. આ સાથે રવિ હમીર ભારાઈ રબારી રહે જુનાગઢ ગાંધીગ્રામ પિયુષ હરીભાઈ ખેર રહે માનખેત્રા માંગરોળ, હિતેશ દિનેશ મેરૂડા જુનાગઢ લીરબાઈપરા આરોપીઓને ઝડપી લીધા છે.

# ગીર સોમનાથમાં મિત્રની મંગેતરને ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી માંથી ખોટા મેસેજ કરી સગાઈ તોડાવવાનો પ્રયાસ કરનાર મિત્રની ધરપકડ કરી સાયબર સેલે પર્દાફાશ કર્યો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૧

ગીર સોમનાથમાં મિત્રની સગાઈ તોડાવવા માટે તેના જ મિત્રએ ઈન્સ્ટાગ્રામમાં યુવતીના નામનું ફેક આઈડી બનાવી મિત્રની મંગેતરને ઈન્સ્ટાગ્રામમાં ખોટી ખોટી વાતોના મેસેજો કરી ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, યુવકએ જિલ્લા સાયબર પોલીસની મદદ માંગતા મિત્રના બદઈરાદાનો પર્દાફાશ થતા પોલીસે તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દોસ્ત દોસ્ત ન રહ્યાના ચર્ચાસ્પદ કિસ્સાની વિગતો આપતા સાયબર સેલના પીઆઈ એ.બી.જાડેજાએ જણાવેલ કે, ગીર સોમનાથના સુત્રાપાડાના સરા ગામે રહેતા અજયસિંહ પ્રભાતસિંહ ચુડાસમાની થોડા સમય પહેલા સગાઈ થઈ હતી. દરમ્યાન છેલ્લા થોડા દિવસોથી ઈન્સ્ટાગ્રામ ઉપર છોકરીના નામનું hinu_baa4444 નામના ફેક આઈ.ડી ઉપરથી અજયસિંહની મંગેતરને લોભામણા મેસેજો કરી અજય સાથે પોતાને સંબંધ હોય એવા ખરાબ મેસેજો કરી ખોટી ખોટી વાતો કરી રહી હતી. જે અંગે યુવતીએ અજયને વાત કરતા તેણે આવો કોઈ સાથે સંબંધ ન હોવાનો પરીવારજનો સમક્ષ ખુલાસો કર્યો હતો. આ બંન્નેની સગાઈ તુટવા સુધી પહોંચી ગઈ હતી.

દરમ્યાન અજયસિંહ ચુડાસમાએ સાયબર પોલીસને ઉપરોકત વિગતો સાથે અરજી કરી મદદ માંગી હતી. જેને લઈ સાયબર સેલની ટીમએ ઈન્સ્ટાગ્રામ કંપની પાસેથી માહિતી મેળવી હતી. જેને લઈ ટેકનીકલ સર્વેલન્સની આધારે તપાસ કરતા ફેક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી (hinu_baa4444) કોડીનારના સિંધાજ ગામના રહીશ વિશાલસિંહ રાયસિંહ ઝાલાએ બનાવેલ હોવાની હકિકત જાણવા મળી હતી. જેના આધારે આઈ.ટી.એકટ મુજબ ગુનો નોંધી આરોપી વિશાલસિંહની અટકાયત કરવામાં આવી હતી.

આરોપી વિશાલસિંહ ઝાલા પ્રાઈવેટ નોકરી કરતો હોવાની સાથે અરજદાર અજયસિંહનો મિત્ર છે અને તેને આવું કૃત્ય મિત્ર અજયસિંહની સગાઈ તોડવાના બદઈરાદા સાથે કર્યુ હોવાની કબુલાત પોલીસ પુછપરછમાં કરી હોવાનું પીઆઈ એ.બી.જાડેજાએ જણાવેલ છે.

# જૂનાગઢમાં સુખનાથ ચોકમાં ચાલતા જુગાર ધામ પર પોલીસ ત્રાટકી : ૧૫ની ધરપકડ

## રૂા.૨.૩૮ લાખની રોકડ સહિત ૧૭.૮૪ લાખના મુદ્દામાલ સાથે ૧૫ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસે દારૂ, જુગાર સહિતની બદીઓને નાબુદ કરવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ દરમ્યાન ચોક્કસ બાતમીના આધારે સુખનાથ ચોક વિસ્તારમાં એક મકાનમાં રમાઈ રહેલા જુગાર અંગેની બાતમી મળતા એલસીબીનો કાફલો ત્રાટકયો હતો અને રૂા.૧૭.૮૪ લાખના મુદ્દામાલ સાથે ૧૫ શખ્સોને ઝડપી લઈ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢ શહેરના સુખનાથ ચોક વિસ્તારમાં એક મકાનમાં રાત્રે ૧૦ વાગ્યે એ ડીવીઝન પોલીસ કાફલાએ જુગાર અંગે દરોડો પાડયો હતો. સ્થળ ઉપરથી પોલીસે ૨.૩૮ લાખની રોકડ સહિત ૧૭.૯૪ લાખના મુદ્દામાલ સાથે કુલ ૧૫ ઈસમોને ઝડપી લઈને ગુનો દાખલ કર્યો છે. જૂનાગઢ એ ડીવીઝન પ્રોબેશનલ પીઆઈ વી.જે. સાવજ, પીએસઆઈ જે.આર. વાજા સહિતના સ્ટાફે બાતમીના આધારે રાતે ૧૦ કલાકે અહીના સુખનાથ ચોક શેરી-૫માં રહેતા સલીમ ચાંદ મોરીના મકાનમાં રેડ કરી હતી. અહી મકાનના એક રૂમમાં જુગાર રમતાસલીમ મોરી, સુધીર છગન ચાવડા(અવંતિકા એપાર્ટમેન્ટ, ધોરાજી), મહેબુબ હસન સાંધ(ધારાગઢ, જૂનાગઢ), સવદાસ રામા વદર(ધંધુસર, વંથલી), રાજુ ધીરૂ મુળીયાસીયા(ધંધુસર, વંથલી), ભૂપત સુરા સુત્રેજા (ધંધુસર, વંથલી) ઉપરાંત નિતીન પ્રભુદાસ સુચક(નાના વડાલા, કાલાવડ, જામનગર), રીયાઝશા સલીમશા રફાઈ (મોટી મારડ, ધોરાજી), હરદાસ વેજા મુળીયાસીયા (ઝાંઝરડા રોડ, આશિષ એપાર્ટમેન્ટ, મહેશનગર), બાલા ધીરૂ ગાલોરીયા(ઉપલેટા), કમલેશ કેશુ સાટોડીયા (મહાદેવવાડી, ગોંડલ), સિરાજ બાબુ સવાણ(ગોંડલ), મુસા ઈબ્રાહીમ વીશળ(વિશળ હડમતીયા, ભેંસાણ) અને હબીબ ઈબ્રાહીમ વિશળ(વિશળ હડમતીયા, ભેંસાણ)ને જુગાર રમતા ઝડપી લીધા હતા. સ્થળ ઉપરથી પોલીસે ૨.૩૮ લાખ રોકડા, ૧.૫૬ લાખની કિંમતના ૧૬ મોબાઈલ અને ૧૪ લાખની કિંમતની બે કાર મળીને કુલ ૧૭.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને તમામ ઈસમો સામે એ ડીવીઝન પોલીસમાં ગુનો દાખલ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે, સલીમ ચાંદ મોરી પોતાના ઘરમાં નાલ ઉઘરાવીને જુગારનો અખાડો ચલાવતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે બાતમીના આધારે પાડેલા દરોડામાં મુદ્દામાલ સાથે ૧૫ જેટલા શખ્સોને ઝડપી લીધા હતા અને જુગારધારા અંતર્ગત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઓબીસી આગેવાન સ્વ. નાગદાનભાઈ ડાંગરને શ્રધ્ધાંજલી અપાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જાહેરજીવનના આગેવાન, વર્ષોથી સામાજીક તેમજ રાજકીય ક્ષેત્રે કામ કરતા ઓબીસી સમાજના આગેવાન સ્વ. નાગદાનભાઈ ડાંગરનું અવસાન થતા તેમની શોકાજલી, જૂનાગઢ ખાતે ઓબીસી આગેવાન જેઠાભાઈ પાનેરાના અધ્યક્ષ સ્થાને યોજાઈ, જેમાં જેઠાભાઈએ જણાવ્યું કે, ઓબીસી સમાજના વર્ષો જુના જુની પેઢીના આગેવાન એવા નાગદાનભાઈ ડાંગરે વંચિત સમાજની સેવા કરી છે. સાથે પુર્વ ધારાસભ્ય હમીરભાઈ ધુળા એ પણ નાગદાનભાઈ સાથે સ્મરણોને યાદ કર્યા, પુર્વ ધારાસભ્ય, પરબતભાઈ ચાવડા તેમજ ઓબીસી આગેવન બટુકભાઈ મકવાણાએ પણ નાગદાનભાઈના કામોને યાદ કરીને શ્રધ્ધાંજલી અર્પણ કરી આ કાર્યક્રમમાં જીતુભાઈ મણવર, દિનેશ પાતર, જીશાન હાલેપૌત્ર, કે.ડી. સગરકા, મુન્નાબાપુ કાદરી, કરશનભાઈ રાઠોડ, પ્રવિણ વાઘેલા, જીતેશ પરમાર, ફિરોઝ શેખ, જીતુ સોલંકી, ફિરોઝભાઈ સાથે ઓબીસી, એસસી, એસટી મહાસંઘના અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ કેશોદ દ્વારા ૨૧માં સમુહ લગ્નોત્સવ યોજાયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ કેશોદ દ્વારા ૨૧માં સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. તારીખ ૧૦-૧૨-૨૦૨૩ને રવિવારના રોજ પેથલજીભાઈ નાથાભાઈ ચાવડા આહીર સમાજ કેશોદ ખાતે આ સમૂહ લગ્ન યોજાયા હતા. જેમાં ૧૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડેલ હતા. આ સમૂહ લગ્નોત્સવની વિધિ શાસ્ત્રી ભીખુભાઈ ગોકળદાસ મહેતા દ્વારા કરાવવામાં આવી હતી. તેમજ સમૂહ લગ્નના કાર્યક્રમમાં દીકરીઓને સોના ચાંદી સહિત ૧૧૧ જેટલી આઈટમ કરિયાવરમાં આપવામાં આવી હતી. આ ૨૧માં સમૂહ લગ્નોતસવના કાર્યક્રમમાં જમણવારના દાતા તરીકે શ્રી ૧૦૦૮ ગિરનાર પીઠાધીશ્વર શ્રી જયશ્રી કાનંદગીરીજી મહારાજ શ્રી પંચ દશનામ જુના અખાડા રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ શહેરમાંથી દશનામ ગોસ્વામી સમાજના અગ્રણી આગેવાનો મહાનુભવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ કેશોદ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી તેમ મુકેશ પી. ગોસ્વામીની એક યાદીમાં જણાવેલ છે.

# ગિરનાર ઉપર પ્રથમ વખત યુવાનોએ સતત ૧૨ કલાક માતાજીની આરાધના કરી અને ધૂન ભજન ની રમઝટ બોલાવી



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જુનાગઢ ગીરીવર ગિરનારની ટોચ ઉપર બિરાજમાન જગત જનની માં અંબાના નિજ મંદિરમાં જૂનાગઢના ચામુંડા સેવા સત્સંગ મંડળના યુવાનોએ સાજિંદાઓ સાથે માતાજીની આરાધના કરવા સતત ૧૨ કલાક સુધી માતાજી સન્મુખ માતાજીના ઝઘડાતો ગરબા અને ધુન ભજન ની રમઝટ બોલાવી હતી જેમાં મંદિર ટ્રસ્ટ વતી ધૂન કરવા પધારેલા તમામ યુવાનોનું માતાજીની ચૂંદડી પ્રસાદી રૂપેઆપી સન્માન કરાયું હતું અને મંદિરમાં પ્રથમ વખત આ રીતનો કાર્યક્રમ યોજાતા ભાવિકોએ પણ મંત્રમુગ્ધ થઈ માતાજીની ધૂન બોલી રહેલા યુવાનોને વધાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અંબાજી માતાજીના મંદિરનું ખુબ જ મહત્વ હોય અને આસ્થાનું કેન્દ્ર હોય ભાવિકો પદયાત્રા કરીને પણ માતાજીના દર્શને આવતા હોય છે.

## દુઃખદ અવસાન -બેસણુ

જૂનાગઢ : હાલ જૂનાગઢ નિવાસી ઔદિચ્ય ખરેડી સમવ્ય બ્રાહ્મણ સ્વ. હસમુખરાય દયાશંકર વ્યાસ(ઉ.વ.૮૬)એ સ્વ. જયાબેન એચ. વ્યાસના પતિ તથા જીતેન્દ્રભાઈ(જીતુ) અમેરીકા(યુએસએ), ભાવનાબેન ઠાકર જૂનાગઢ, સાધનાબેન બધેકા દિલ્હી, નીલમબેન જોષી જૂનાગઢના પિતા અને નંદિતાબેન જી. વ્યાસ, મુકેશકુમાર ઠાકર, ભુપેશકુમાર બધેકા, હરેશકુમાર જોષીના સસરાનું તા.૯-૧૨-૨૦૨૩ શનિવારના રોજ સવારે દિલ્હી ખાતે કૈલાશવાસ થયેલ છે. તમામ પ્રકારની લૌકિક ક્રિયા તથા રીવાજો બંધ રાખેલ છે.

નાગલપુર : શારદાબેન પ્રાગજીભાઈ ઉનડકટ (ઉ.વ.૭૮) તે સ્વ. પ્રાગજીભાઈ ભાણજીભાઈ ઉનડકટના ધર્મપત્ની, કિરીટભાઈ (જુનાગઢ), રાજેશભાઈ (નાગલપુર)ના માતૃશ્રી, પ્રો. પી.બી. ઉનડકટ (જલારામભકિતધામ) તેમજ વિનુભાઈ ઉનડકટ (બી.એસ. એન. એલ.)ના ભાભી, સ્વ. ભગવાનજી જીવરાજ પોપટ ( સમઢિયાળા)ની પુત્રીનું તાઃ ૯/૧૨/૨૩ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તાઃ ૧૧/૧૨/૨૩ સોમવાર સાંજના ૪ થી ૬ નાગલપુર શિવ મંદિર ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ આ સાથે જ રાખેલ છે.

જામ ખંભાળિયાઃ પોરબંદર નિવાસી શોભનાબેન (દક્ષાબેન) દિપકભાઈ વિઠલાણી (ઉ.વ. ૫૯) તે કૃણાલ તથા ચંદાબેન દિવ્યેશભાઈ મોદી (ખંભાળિયા), કાજલબેન નીપુલભાઈ ભાયાણી (મીઠાપુર), જલ્પા જતીનભાઈ સોનેચા (જામનગર) અને મયુરી પરાગભાઈ નથવાણી (જામ જોધપુર) ના માતુશ્રી તેમજ જીતેન્દ્રના કાકી તારીખ ૧૦ ના રોજ અવસાન પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા આજરોજ સોમવાર તારીખ ૧૧ ના રોજ સાંજે ૪ થી ૪:૩૦ જલારામ મંદિર પ્રાર્થના હોલ, રઘુવંશી સોસાયટી, છાયા, પોરબંદર ખાતે રાખવામાં આવેલ છે.

# મેંદરડાના હરીપુર ગામે ઝુંપડીમાં સુતેલી મહિલા ઉપર જીવલેણ હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

મેંદરડા તાલુકાના હરીપુર ગામે રહેતા કેતનગીરી અમૃતગીરી મેઘનાથી (ઉ.વ.૨૩)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા ફરિયાદીના માતા વીજુબેન પોતાની વાડીએ આવેલ ઝુંપડીમાં સુતા હતા ત્યારે કોઈ અજાણ્યા માણસે ઝુંપડીમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ધારીયા વડે ફરિયાદીની માતાને જીવલેણ ઘા માથાના ભાગે મારી ડાબી આંખ તથા બંને હાથમાં પણ ઈજા પહોંચાડી અને ફરિયાદીને માથાના ભાગે ઘા મારી ઈજા પહોંચાડી અને નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે હુમલાખોર એવા અજાણ્યા શખ્સ વિરૂધ્ધ કલમ ૩૦૭, ૩૨૪, ૪૫૨, જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ મેંદરડા પોલીસ ચલાવી રહી છે.

# માણાવદર : મંત્રીના અંગત મદદનીશ તરીકે ઓળખ આપી નોકરી અપાવી દેવાની લાલચ આપી રૂા.૧૮.૦૫ લાખની છેતરપિંડીની વધુ એક ફરિયાદ નોંધાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માણાવદર તા.૧૧

તાજેતરમાં નકલી એમએલએ તેમજ મંત્રીના મદદનીશ તરીકેની ઓળખ આપી અને છેતરપિંડી કરનાર શખ્સને જૂનાગઢ તાલુકા પોલીસે ઝડપી લીધા બાદ તપાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ દરમ્યાન આ શખ્સ વિરૂધ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ છે. આ અંગે મળતી વિગત અનુસાર ગુજરાત રાજયના પશુપાલન મંત્રીના અંગત મદદનીશ હોવાની ઓળખ આપી અને વિશ્વાઘાત અને છેતરપિંડી કરી રૂા.૧૮.૦૫ લાખની રકમ પડાવી લીધાની ફરિયાદ માણાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ બનાવ અંગે રેખાબેન ભીખુભાઈ મેર (ઉ.વ.૪૯) રહે.માણાવદર, ગાયત્રી મંદિર પાછળ, નીલકમલ સોસાયટી વાળાએ રાજેશભાઈ જયંતિભાઈ જાદવ રહે.જૂનાગઢ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ પોતે પરશોતમભાઈ સોલંકી ગુજરાત રાજય પશુપાલન મંત્રી ગુજરાત રાજય ગાંધીનગરના અંગત મદદનીશ હોવાની ફરિયાદીને ઓળખ આપી તેમજ ફરિયાદીને પોતે મો.નં.૯૭૨૩૨ ૦૯૧૭૦ રાજેશભાઈ જયંતિભાઈ જાદવ જૂનાગઢ અંગત મદદનીશ પરસોતમભાઈ ઓ. સોલંકી મંત્રી પશુપાલન ગુજરાત રાજય ગાંધીનગર લખેલ કમળના નીશાન ચીન્હ અને ચાંમુડા માતાજીના ફોટા વાળુ કાર્ડ ખોટુ કાર્ડ આપી ખરા તરીકે ઉપયોગ કરી ફરિયાદીને વિશ્વાસમાં લઈ અને ફરિયાદીના પતિ કોરોના બીમારી સબબ મરણ ગયેલ હોય તેની રૂા.૨૫,૦૦,૦૦૦ લાખની સહાય મેળવી દેવાની તેમજ ફરિયાદીને તેના પતિની જગ્યાએ અથવા ફરિયાદીના દીકરા મીહીરને નોકરીમાં લેવાની લાલચ આપી ફરિયાવી પાસેથી અલગ-અલગ તારીખોમાં કુલ રૂા.૧૮,૫૦,૦૦૦ રૂપીયા જેટલી રકમ પડાવી ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે કલમ ૪૦૬, ૪૧૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ માણાવદર પોલીસ ચલાવી રહી છે.

## વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો મજેવડી ગામે સત્કાર કરાયો

# લોકોને પ્રજાલક્ષી યોજનાઓનો લાભ મળી રહે તે માટે એક જન આંદોલન બનાવી દેવામાં આવે છે : સાંસદ રાજેશભાઈ ચુડાસમા



જૂનાગઢ, તા. ૧૧

જૂનાગઢ જિલ્લામાં ગામે ગામ ફરી રહેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું જૂનાગઢ (ગ્રામ્ય)તાલુકાના મજેવડી ગામે સત્કાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો અને પ્રસંગોચિત સંબોધન પણ કર્યું હતું. આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાલક્ષી યોજનાઓનું લોકોને લાભ મળી રહે તે માટે અને સમાજમાં જાગૃતિ આવે તે માટે એક જન આંદોલન બનાવી દેવામાં આવે છે. પ્રધાનમંત્રીના શબ્દોને સ્મરીત કરતા કહ્યું કે, દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે હવે દેશ માટે મરવા નહીં પણ જીવવાની આવશ્યકતા છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ગેરંટી સાથે કામ કરી રહી છે, ત્યારે લોકોએ પણ વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનીએ.

અંતમાં તેમણે સ્વચ્છ ભારતની સંકલ્પનાને સાકાર કરવા આપણા ગામને પણ સ્વચ્છ રાખવા અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરે જણાવ્યું કે, વિકાસના લાભોથી છેવાડાનો માનવી વંચિત ન રહે અને વિકસિત ભારતના નિર્માણ માટે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરાઈ છે. દેશને વિકસિત અને પુનઃ વિશ્વ ગુરુ બનાવવા માટે પ્રધાનમંત્રીશ્રી સખત પરિશ્રમ કરી રહ્યા છે. બિન આરોગ્યપ્રદ ખાન પાનના કારણે અને આપણા પરંપરાગત ધાન્યો ભુલાતા લોકોનું આરોગ્ય કથડ્યું છે. ખેતીમાં રાસાયણિક ખાતર દવાના વધુ પડતા ઉપયોગના કારણે લોકો કેન્સર જેવી ગંભીર બીમારીઓનો પણ ભોગ બની રહ્યા છે, ત્યારે ધરતી માતાનું ઋણ અદા કરવા પ્રાકૃતિક ખેતી અપનાવી લોકોનું આરોગ્ય પણ બચાવીએ તેઓ તેમણે અનુરોધ કર્યો હતો.

ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી નુતન વિચારો સાથે દેશને વિકાસના પંથ ઉપર આગળ લઈ જઈ રહ્યા છે. દેશને વિકસિત બનાવવા અને ગ્રામ્ય કક્ષાએ પણ લોકોની સુખ સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા સંકલ્પ સાથે યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા સાચા અર્થમાં લોકોને મદદરૂપ થવાનું અભિયાન છે. અધિકારીઓ કર્મચારીઓ સામેથી આવી લોકોના કામ કરે છે. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતીનું ભવિષ્ય ઉજળું છે. પ્રાકૃતિક ખેતી થી ગાયનું જતન પણ થાય છે અને આરોગ્યપ્રદ ખોરાક પણ લોકોને મળી રહે છે. આ માટે રાજ્યપાલે પણ ખૂબ મોટી મુહિમ હાથ ધરી છે. અંતમાં તેમણે ૨૦૨૩માં ઉજવાઈ રહેલા મીલેટ્સ યરનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે મજેવડી ગામને ઓડીએફ પ્લસ જાહેર કરવામાં આવ્યું હતું. સાથે જ ગામની જમીનના રેકોર્ડનું ૧૦૦ ટકા ડિજિટેલાઈઝેશન કરવાની નોંધ લેવામાં આવી હતી ઉપરાંત નલ સે જન યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર એનાયક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્ર-રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓના લાભોના વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ જુદા-જુદા કચેરીઓ યોજનાઓની જાણકારી આપવા સ્ટોલ રાખવામાં આવ્યા હતા. મેરી કહાની મેરી જુબાની અંતર્ગત જુદી જુદી યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. કાર્યક્રમના અંતે ડ્રોન નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્ટાફનર્સ ભૂમિબેન રામાણી સન્માન કરવામાં આવ્યું હતું અને ચિત્રકલામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર માહી પોકીયાનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેકટર અનિલકુમાર રાણાવાસિયા, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, જિલ્લા પંચાયતના સદસ્ય કાંતિભાઈ ગજેરા, અગ્રણી હરિભાઈ પરમાર, વેલજીભાઈ પાથર, રાજેશભાઈ ઢોલરીયા, ભરતભાઈ દોમડીયા સરપંચ દર્શનાબેન પોકિય, સુરીલભાઈ પોકિયા, તાલુકા વિકાસ અધિકારી ઠાકુર સહિતના પદાધિકારી અને અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## મેંદરડામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો સત્કાર

# જમીનની ફળદ્રુપતા જાળવવા પ્રાકૃતિક ખેતી અપનાવો : જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર





જૂનાગઢ, તા.૯

વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો મેંદરડા ખાતે લોકોએ ઉત્સાહભેર સત્કાર કર્યો હતો. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે તેમણે ખેડૂતોને આગ્રહભર્યો અનુરોધ કરતા કહ્યું કે, જમીનની ફળદ્રુપતા જાળવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવી પડશે. રાસાયણિક ખાતર દવાના વધુ પડતા ઉપયોગના કારણે જમીને ફળદ્રુપતા ગુમાવી છે. ત્યારે પ્રાકૃતિક ખેતી ઉત્તમ વિકલ્પ છે. ઉપરાંત તેમણે મહિલા સશક્તિકરણની વાત કરી હતી. આ સાથે કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓનો લાભ મેળવવા માટે પણ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઉજ્જવલા યોજના, અન્ન સુરક્ષા, સોઈલ હેલ્થ કાર્ડ આયુષ્માન કાર્ડ સહિતના યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેંદરડાને ODF+ ગામ જાહેર કરવામાં આવ્યું હતું. ઉપરાંત નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આયોજિત હેલ્થ કેમ્પમાં ગ્રામજનોએ ટીબી સ્ક્રિનિંગ સહિતની આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો હતો. લોકોને ધરતી કહે પુકાર કે નાટકના માધ્યમથી પ્રાકૃતિક ખેતી માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા. મેરી કહાની મેરી જુબાની અંતર્ગત લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ દયાબેન મકવાણા સરપંચ જયાબેન ખાવડુ, મામલતદાર જે.વી. ડોડીયા, તાલુકા વિકાસ અધિકારી એમ.પી. ચૌહાણ, અગ્રણી વિજયભાઈ પાનસુરીયા સહિતના અગ્રણીઓ અને જુદા જુદા વિભાગના કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વધુ સુદ્રઢ કરવા રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

## જૂનાગઢ, મોરબી અને જામનગર જીલ્લા સહકારી દૂધ સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા રૂા.૧૬.૮૯ કરોડની સહાય મંજૂરઃ પશુપાલન મંત્રી રાઘવજી પટેલ

જૂનાગઢ, તા.૧૧

દેશના પશુપાલન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતનું યોગદાન મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વધુ સુદ્રઢ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે કરેલા નિર્ણયની વિગતો આપતા પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટની સ્થાપના, કેટલફીડ ફેક્ટરીની સ્થાપના, એરીયા સ્પેસિફિક મિનરલ મિક્ષર પ્લાન્ટની સ્થાપના, સાઈલેજ બેલીંગ યુનિટ હાર્વેસ્ટર કમ ચોપર સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે જૂનાગઢ, મોરબી અને જામનગર જિલ્લા સહકારી દૂધ સંઘો માટે રાજ્ય સરકારે રૂા.૧૬.૮૯ કરોડની સહાય મંજૂર કરી છે. મંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, રાજ્ય સરકારના આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ-કચ્છ વિસ્તારના પશુપાલકોને દૂધનું સારુ વળતર મળશે અને પશુપાલન વ્યવસાયને વેગ મળશે. તેમણે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને ૨ LLPD પ્લાન્ટના નવીનીકરણ અને ૨ TPD પનીર પ્લાન્ટ સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૦૬૯.૧૩ લાખની સહાય મંજૂર કરી છે.

આ પ્લાન્ટના ઓટોમેશનથી પ્રોડકશન કોસ્ટમાં ઘટાડો આવશે અને જિલ્લાના દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો થવાથી જૂનાગઢ જિલ્લાના પશુપાલકોની આવકમાં વૃધ્ધિ થશે. તેમણે કહ્યું કે, મોરબી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મોર્ડન મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ ૨ લાખ લીટર પ્રતિ દિનની સ્થાપના માટે પણ રાજ્ય સરકાર દ્વારા રૂા.૪૭૫.૮૯ લાખની સહાય મંજૂર કરી છે. મયુર ડેરી-મોરબી દ્વારા આ મત્વકાંક્ષી પ્રોજેક્ટ અમલીકરણ થવાથી દૂધ સંપાદન, દૂધ પ્રોસેસીંગમાં કોલ્ડ ચેઈન મેઈન્ટેનન્સ અને મૂલ્યવર્ધન થકી દૂધ તથા દૂધની બનાવટોની ગુણવત્તામાં વધારો થશે. વધુમાં તેમણે ઉમેર્યું કે, જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના એસ્ટાબ્લિસમેન્ટ ઓફ ૪૦ KL BMC બેઝ ક્લસ્ટર મિલ્ક ચિલિંગ સ્ટેશન વિથ સેન્ટ્રલ લેબોરેટરી એન્ડ ગોડાઉનની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૪૪.૦૮ લાખની સહાય મંજૂર કરવામાં આવી છે. જેનાથી દૂધના ચિલિંગ તથા સ્ટોરેજથી દૂધની ગુણવત્તામાં વધારો થશે, સાથે જ જિલ્લા તથા રાજ્યમાં સહકારી ક્ષેત્રે સંગઠિત દૂધ સંપાદનમાં પણ વધારો થશે.

# ડોમ્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ખૂલશે

### ડોમ્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રતિ શેર રૂા.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂા. ૭૫૦ પ્રતિ ઈક્વિટી શેરથી રૂા. ૭૯૦ પ્રતિ ઈક્વિટી શેરના ભાવે પ્રાઈઝ બેન્ડ ફિક્સ કરવામાં આવ્યો છે



અમદાવાદ, તા.૧૧

ડોમ્સઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (‘કંપની’) એ તેનો આઈપીઓ (‘ઓફર’) બુધવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. બિડ/ઓફરની અંતિમ તારીખ શુક્રવાર, ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ હશે. એંકર ઈન્વેસ્ટર બિડિંગની તારીખબિડ/ઓફર ખૂલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, ૧૨ડિસેમ્બર, ૨૦૨૩ રહેશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂા. ૭૫૦ પ્રતિ ઈક્વિટી શેરથી રૂા. ૭૯૦ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૧૮ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. આ ઓફરમાં રૂા.૩,૫૦૦.૦૦ મિલિયન સુધીના એટલા ઈક્વિટી શેરના નવા ઈશ્યૂ (“ફ્રેશ ઈશ્યૂ”)નો સમાવેશ થાય છે અને રૂા.૮,૫૦૦.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેર્સ (“ઓફર કરેલા શેર”)ના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે જેમાં F.I.L.A.-FabbricaItaliana lapis Ed Affini S.P.A. દ્વારા રૂા. ૮,૦૦૦.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેર્સ, સંજય મનસુખલાલ રાજાણી દ્વારા રૂા. ૨૫૦.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેર્સકેતન મનસુખલાલ રાજાણી દ્વારા એકંદરે રૂા. ૨૫૦.૦૦ મિલિયન (સંયુક્તપણે “વેચાણકર્તા શેરધારકો” અને વેચાણ માટેના શેરધારકો દ્વારા વેચાણ માટેની આવી ઓફર, "વેચાણ માટેની ઓફર") નો સમાવેશ થાય છે. આ ઓફરમાં પાત્ર કર્મચારીઓ (“કર્મચારી આરક્ષણ ભાગ”) દ્વારા સબસ્ક્રિપ્શન માટે રૂા. ૫૦.૦૦ મિલિયન સુધીની સંખ્યાના ઈક્વિટી શેરના આરક્ષણનો સમાવેશ થાય છે. કંપની, બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે પરામર્શ કરીને, એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન (“એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ”) હેઠળ બિડિંગ કરવા પાત્ર કર્મચારીઓને ઓફર પ્રાઈસ પર ઈક્વિટી શેર દીઠ રૂ. ૭૫ની સમકક્ષ ડિસ્કાઉન્ટ ઓફર કરી શકે છે. કર્મચારી આરક્ષણ ભાગમાંથી બાદ કર્યા પછીની ઓફરને પછીથી “નેટ ઓફર” તરીકે ઓળખવામાં આવે છે. કંપની સર્વે નંબરઃ ૧૫૩, ૧૫૪, ૧૫૫/૨, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૮, ૧૭૦, ૧૭૨, ૧૭૫, ૧૮૦, ૧૮૧, ૩૭૦ અને ૩૯૧/P૧, ગામઃ દહેરી, તા. ઉંબરગાંવ, જિલ્લો વલસાડ, ૩૯૬૧૭૦, ગુજરાત ભારત ખાતેરાઈટિંગ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ, વોટર કલર પેન, માર્કર્સ અને હાઈલાઈટર્સની વિશાળ શ્રેણી માટે તેની ઉત્પાદન ક્ષમતાને વિસ્તૃત કરવા માટે નવી ઉત્પાદન સુવિધાની સ્થાપનાના ખર્ચને ભંડોળ પૂરૂ પાડવા માટે તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ફ્રેશ ઈશ્યૂની આવકનો ઉપયોગ કરવા માંગે છે. આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૩૧ સાથે વાંચેલા એસસીઆરઆરના નિયમ ૧૯(૨)(બી)ની શરતોમાં કરવામાં આવી રહી છે.

## જૂનાગઢ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ માટે તા. ૨૦ ડિસેમ્બરથી

# જૂનાગઢ આરસેટી ખાતે નિઃશુલ્ક પાર્લર, સલુન અને ફોટોગ્રાફી, વિડિયોગ્રાફીની તાલીમ યોજાશે

### ૧૮ થી ૪૫ વર્ષ સુધીના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ તાલીમ મેળવી શકશે : ભાઈઓને ૩૦ દિવસની નિઃશુલ્ક તાલીમ સાથે નિઃશુલ્ક રહેવા-જમવાની સુવિધા મળશે

જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ માટે તા.૨૦ ડિસેમ્બરથી ૩૦ દિવસની નિઃશુલ્ક પાર્લર/સલૂન અને ફોટોગ્રાફી/વિડીયોગ્રાફીની તાલીમનું આયોજન જૂનાગઢ એસબીઆઈ આરસેટી ખાતે કરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારના યુવાનોને કૌશલ્યનો ઉપયોગ તાલીમ મળી રહે તે માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કટીબધ્ધ છે. ત્યારે જૂનાગઢ ખાતે આવેલ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (આરસેટી) દ્વારા જૂનાગઢ અને ગીર સોમાનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ માટે આગામી તા.૨૦/૧૨/૨૦૨૩થી પાર્લર/સલૂન અને ફોટોગ્રાફી/વિડીયોગ્રાફીની તાલીમનું આયોજન એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની બાજુમાં, બીલખા રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું છે. આ ૩૦ દિવસની તાલીમમાં ૧૮ થી ૪૫ વર્ષના ભાઈઓ ભાગ લઈ શકશે. જેમને નિઃશુલ્ક તાલીમ સાથે નિઃશુલ્ક રહેવા-જમવાની સુવિધા આપવામાં આવશે. તાલીમ દરમ્યાન આ સંસ્થામાં રોકાવું ફરજિયાત છે. આ તાલીમમાં જોડાવવા માટે તાલીમ નંબર ૯૯૦૪૬૪૬૪૬૬ ઉપર સોમવાર થી શનિવાર સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધીમાં સંપર્ક સાધી શકાશે. આ પાર્લર/સલૂનની તાલીમમાં હેર કટીંગ, હેર કલર, મસાજ, મેકઅપ, ફેશિયલ, મેનીક્યોર, પેડિક્યોર વગેરે જેવી વિવિધ વસ્તુઓની તેમજ ફોટોગ્રાફી/વિડીયોગ્રાફીની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવશે. જેના માટે જરૂરી ડોક્યુમેન્ટમાં પાસપોર્ટ સાઈઝના ૩ ફોટો, આધારકાર્ડ, રેશનકાર્ડ, માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, બેન્કની પાસબુકની નકલ સહિતના ડોક્યુમેન્ટ ઓરીજનલ અને ઝેરોક્ષ સાથે લાવવાના રહેશે. આ તાલીમ દરમ્યાન ભારત સરકાર માન્ય એનએસક્યુએફ સર્ટીફિકેટ અને સબસિડીવાળી લોનનો લાભ આપવામાં મદદ કરવામાં આવશે.

## પ્રાંચી પાસે આવેલ આલીદ્રા ગામે પ્રજ્ઞા પુરાણ કથા તથા દિપ યજ્ઞનું આયોજન

(ભોળા જાદવ દ્વારા) લોઢવા તા. ૧૧

આલીદ્રા મુકામે સમસ્ત ગામ તથા ગીર સોમનાથ જીલ્લા ગાયત્રી પરિવાર સંગઠન તથા શાંતિકુંજ હરીદ્વાર આયોજીત પ્રજ્ઞા પુરાણ તથા દિપયજ્ઞનું આલીદ્રા મુકામે કાળભૈરવના મંદિરના પટાંગણમાં તા.૧૩-૧૨-૨૩ થી ૧૭-૧૨-૨૩ સુધી આયોજન કરવામાં આવેલ છે. આ પવિત્ર કથાનું રસપાન પ્રજ્ઞા પુત્રી મીનાક્ષીબેન બરોડાવાળા કરાવશે. આ પ્રજ્ઞા કથામાં યુગ ઋષીએ રામાયણ, ગીતા, ભાગવત તથા તમામ ધર્મગ્રંથોના નિચોડ કરી મનુષ્યની અંદર દેવતત્વનો ઉદય તથા ધરતી ઉપર સ્વર્ગ અવતરણ કરાવશે. જેથી આ કથાનો તમામ ધર્મપ્રેમી જનતાને લાભા લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# આતંકવાદ મુદ્દે અમેરિકાનાં બેવડાં ધોરણો સામે નારાજગી

ખાલિસ્તાન સમર્થક આતંકી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું ષડયંત્ર રચવાના કથિત આરોપો પર અમેરિકા તરફથી કરાતા દબાણોનો આકરો વિરોધ ન કરવા મુદ્દે ભારતમાં સાર્વજનિક રૂપે ઘણો રોષ પ્રગટ કરાઈ રહ્યો છે. અસલમાં કેટલાયનું માનવું છે કે પન્નુની હત્યાનું ષડયંત્ર રચવા બદલ એક ભારતીય નાગરિક પર અમેરિકી અદાલતમાં ફરિયાદ દાખલ થયા બાદ વધતા અમેરિકી દબાણને કારણે ભારતને આકરો ઝાટકો લાગ્યો છે. કેટલાય ભારતીય અધિકારી પણ અમેરિકાના બેવડાં ધોરણોથી ઘણા નારાજ છે, જે ભારત વિરોધી ગતિવિધિઓમાં સંલગ્ન પન્નુ જેવા આતંકવાદીઓને નજરઅંદાજ કરે છે, પરંતુ તેને મારવા માટે કથિત આરોપો પર ભારે હંગામો મચાવી રહ્યું છે.

એવામાં કેટલાક લોકો અવશ્ય ઈચ્છશે કે સરકાર, અમેરિકાના ઘણા નજીક આવવા પર ગંભીરતાથી વિચાર કરે અને ક્વોડને એશિયાઈ નાટો બનાવવાનો મોકો અમેરિકાને હરગીઝ ન આપે. ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કથિત કાવતરું રચવાના અમેરિકી આરોપો પર ભારતીય વિદેશ મંત્રાલય પોતાની પહેલી પ્રતિક્રિયામાં ઘણું રક્ષાત્મક દેખાયું. ઉલ્લેખનીય છે કે અમેરિકા દ્વારા દ્વિપક્ષીય સુરક્ષા સહયોગ પર જે ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે, એના પર વિચાર કરવા માટે વિદેશ મંત્રાલયે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચનાની જાહેરાત કરી છે. અમેરિકી ન્યાય વિભાગના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે એક ભારતીય અધિકારીએ અમેરિકાની જમીન પર એક ખાલિસ્તાની શીખ અલગાવવાદી નેતાની હત્યાનું અસફળ કાવતરું રચ્યું. આ કથિત કાવતરા મામલે જ અમેરિકા ૫૨ વર્ષીય નિખિલ ગુપ્તા પર આરોપ લગાવી રહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું કે ભારત આવા મામલાને ગંભીરતાથી લે છે, કારણકે તેના સુરક્ષાસંબંધી હિતો પર પણ તે અસર કરે છે. કોઈ અમેરિકી નાગરિકની, જે ખાલિસ્તાન આંદોલન સાથે જોડાયેલો હોય, અમેરિકામાં હત્યાનું ષડયંત્ર કરવાના કથિત આરોપો પર એક ભારતીય નાગરિક પર ન્યૂયોર્કની અદાલતમાં ચાલી રહેલી ઔપચારિક પ્રક્રિયા, જેમાં કેટલાય જ્ઞાત અને અજ્ઞાત નામ સામેલ હોઈ શકે છે, રાષ્ટ્રીય સુરક્ષાના શીર્ષ પર બેઠેલા લોકોની છબિ માટે બેહદ નુક્સાનદાયક બની શકે છે. ફરિયાદનું સૌથી ઘાતક પાસું એ છે કે ભારતીય ગુપ્તચર કે સુરક્ષા એજન્સીના એક અધિકારી (સીસી વન)એ, જેનું નામ જ્ઞાત નથી, પરંતુ જેની ઓળખ અમેરિકી એજન્સીઓ પાસે છે, પન્નુની હત્યાની સોપારી આપવા માટે અમેરિકામાં કોઈ વ્યાવસાયિક હત્યારાની શોધ માટે ગુપ્તાનો સહારો લીધો, જે માદક પદાર્થોનો એક આંતરરાષ્ટ્રીય તસ્કર છે.

ષડયંત્રની ખબર ત્યારે પડી, જ્યારે ગુપ્તા અજાણે એક અપરાધીને મળી ગયો, જે તેના દુર્ભાગ્યે અમેરિકાનો અંડરકવર જાસૂસ નીકળ્યો. મે અને જૂન ૨૦૨૩ના બે મહિના સુધી આ જાસૂસ, ગુપ્તા અને ભારતમાં રહેલ સીસી વન સાથે રમતો રહ્યો. તેણે એંક્રીપ્ટેડ એપ પર મેસેજ, ફોટો, વીડિયો, આઈપી એડ્રેસ વગેરે પર કેટલાય ઈલેક્ટ્રોનિક પુરાવા એકત્ર કર્યા અને ૧૫ હજાર રૂપિયાનું એડવાન્સ પણ મેળવ્યું. ફરિયાદમાં એ પણ કહેવાયું છે કે સીસી વન દરેક સમયે ભારતમાં રહેતો હતો અને તેણે જ પન્નુની હત્યાનું કાવતરું રચ્યું. વિપક્ષી કોંગ્રેસ પાર્ટીના પ્રવક્તાનું કહેવું છે કે વિદેશ મંત્રાલયના પ્રવક્તાની પ્રતિક્રિયા ઘણી કમજોર હતી. રાજકીય વિશ્લેષક સુખોરંજન દાસગુપ્તા કહે છે,'જો અમેરિકા અમારું મિત્ર છે તો તે એવા આતંકીને આશ્રય કેમ આપશે, જે હિંદુઓને ખુલ્લેઆમ ધમકી આપે અને યાત્રીઓને ઈન્ડિયન એરલાઈન્સના વિમાનોમાં ન બેસવાની ચેતવણી આપતો હોય? તેને એવા આતંકીને નિશાનો બનાવવા પર વાંધો કેમ હોય, જેણે ૩૩૦ મુસાફરોવાળા એર ઈન્ડિયા વિમાનને તોડી પાડ્યું હતું? ૯/૧૧નો બદલો લેવા માટે અમેરિકા અફઘાનિસ્તાન પર હુમલો કરી શકે તો આપણે એવા વ્યક્તિને કેમ ઠાર ન કરી શકીએ, જેના હાથ ભારતીયોના લોહીથી રંગાયેલા છે?'

ડાબેરી કાર્યકર્તા સુચેતના મજુમદાર કહે છે, 'સમય પાકી ગયો છે કે ભારત ખાલિસ્તાની આતંકીઓને આશ્રય આપનારા અમેરિકા, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડ જેવા દેશો સાથે સંબંધો પર ફરીથી વિચાર કરે. ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા પર અમેરિકા કેનેડાનું સમર્થન કરી રહ્યું છે, તેથી આપણે તેને મિત્ર ન જ માની શકીએ.' એક વરિષ્ઠ પૂર્વ રાજદ્વારી કહે છે કે 'અમેરિકાનો પોતાના મિત્રોને છોડી દેવાનો લાંબો રેકોર્ડ રહ્યો છે અને ભારત કોઈ અપવાદ નથી.' હિંદુ રાષ્ટ્રવાદી કાર્યકર્તા વિશ્વબંધુ સેનનું કહેવું છે, '૨૬/૧૧આતંકી હુમલો કરાવનારની મદદ કરનારા ડેવિડ હેડલીને અમેરિકાએ બચાવ્યો, પરંતુ ગુપ્તાની પાછળ પડ્યું છે, જે અમેરિકાના બેવડાં ધોરણોનું સ્પષ્ટ પ્રમાણ છે.' ઈન્ટેલિજન્સ બ્યૂરોની પૂર્વ અધિકારી વેણુ ઘોષ કહે છે, 'વિદેશમાં આતંકીઓને રોકવામાં કૂટનીતિના નિષ્ફળ થયા બાદ ભારતે ગુપ્ત કાર્યવાહી કરવાનો પૂરતો અધિકાર છે. ઈઝરાયલ અને અમેરિકા માટે જે યોગ્ય હોઈ શકે છે, તે ભારત માટે ખોટું કેવી રીતે હોઈ શકે?'

ઉલ્લેખનીય છે કે રો કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના આરોપો બાદથી જ આખી દુનિયામાં ચર્ચામાં છે. ટ્રુડોએ વેક્રુવરમાં શીખ અલગતાવાદી નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો ભારત પર આરોપ લગાવ્યો હતો. નારાજ ભારતે તમામ આરોપોનું ખંડન કર્યું હતું અને પુરાવા રજૂ કરવા કહ્યું હતું. કેનેડાએ કહ્યું કે તેણે પોતાના સહયોગીઓને પુરાવા આપી દીધા છે, પરંતુ તેણે જાહેરમાં પૂરાવા રજૂ ન કર્યા. રોયટર્સના હાલના રિપોર્ટ અનુસાર, એવા કેસો બાદ ભારતીય ગુપ્તચર અધિકારી અને રો પર વૈશ્વિક નિરીક્ષણ વધી જશે. જોકે ભારતની રક્ષા ગુપ્તચર એજન્સીના પૂર્વ અધિકારી ગગનજીત સિંહે કહ્યું, 'જો પશ્ચિમી દેશો હમાસ અને હિઝબુલ્લા જેવા સાથે ઈઝરાયલની જવાબી કાર્યવાહીને સમર્થન આપતા હોય, તો તેમને ભારતીય કાર્યવાહીથી વાંધો ન જ હોવો જોઈએ. પાકિસ્તાન અને અન્ય પશ્ચિમી દેશો જાણીજોઈને આતંકીઓને આશ્રય આપીને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરે છે. આપણને આપણી રાષ્ટ્રીય સુરક્ષાના ખતરાને પહોંચી વળવાનો અધિકાર છે. તેથી ભારત સરકારે પશ્ચિમી દબાણ આગળ સહેજ પણ ઝૂકવું ન જોઈએ.'

# કોંગ્રેસને મોદીત્વનું ગેરેન્ટી 'તત્વ' 'પનોતી' ચુનોતી બની ભાજપ માટે 'પોતિકી' પ્રતિપાદિત થઈ ગઈ...!!?

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૧

ભારતીય જનતા પક્ષે ગુજરાત કરતા પણ હિન્દી બેલ્ટનાં રાજયોમાં મોટી જીત હાંસલ કરી ફરી એકવાર વિપક્ષની 'પ્રેમની દુકાન'ને કર્ણાટક-હિમાચલના 'વહેમ'ના વહેણમાં વહાવી મતદારોને પોતાની તરફ વણાવી શાસકે સરેઆમ મોદીત્વની ''ગેરેન્ટીત્વ'નું 'તત્વ'

મહત્વનું સાબિત કરી ફરી રાજસ્થાન, છતીસગઢ અને મધ્યપ્રદેશમાં મતદારોનો 'મદાર' પારખી વિશ્વાસમાં લઈ મોદી'ત્વની હિન્દુત્વની વિશ્વનિયતા કાયમ રાખી વિપક્ષને રાજકીય-આયામ પર વ્યાયામ કરતા કરી દીધા છે એટલું જ નહીં પરંતુ વિપક્ષની 'ગઠબંધન'ને 'પનોતી'નાં સબંધને 'બંધન'માં પરિવર્તિત કરી મોદીત્વની 'હિન્દુત્વ' કાર્ડનું સમીકરણ અકબંધ રાખી ફરી આગામી ચૂંટણીમાં મતદારોનો 'આદર' કાયમ રાખવા સફળ રહ્યા છે જેનું મુખ્ય કારણ આ ચૂંટણીમાં મોદીની સ્થાનિક નેતાઓથી લઈને કાર્યકર્તાઓને જન-જન સુધી શાસકની વિકાસની ગાથા 'ગેરેન્ટી'ને આગળ ધપાવી વિપક્ષે ગોઠવેલા દરેક સોગઠાને 'તમામ' કરી નાકામિયાબ બનાવી દીધા છે તેટલું જ નહીં પરંતુ ૨૦૨૪માં આગામી ચૂંટણીમાં મોદીત્વ સામે કોઈપણ સમીકરણનું 'અકારણ' વિલીનિકરણ કરી દીધું છે.

જયારે બીજી તરફ ભાજપ પાસે માઈક્રોપ્લાનીંગમાં હિન્દીબેલ્ટમાં 'મહિલાઓ' જ આ ચૂંટણીમાં કિંગમેકર' બની શકે છે તેથી શાસકે ચૂંટણી જીતવાની પ્રયોજના મ.પ્રદેશમાં આદરી દઈ લાડલી બહેના, છતીસગઢમાં દરેક પરિણીતાને રૂા. ૧૨૦૦૦, ખેડૂતોને કેશ ટ્રાન્સફર જેવા મુદ્દાઓને મહત્વના પુરવાર કરવા મ.પ્રદેશમાં (મહિલાઓને) દર મહિને રૂા. ૩૦૦૦ ખાતામાં પડયા ત્યારથી જ કોંગ્રેસનાં આ રેસમાં 'ગ્રેસમાં રહેલા' 'વચનો'ને મહિલાલક્ષી યોજનાથી 'ક્રેક' કરી પ્રવચનો સુધી જ મર્યાદિત કરી જયાં મહિલાઓ મતદારવાળી બેઠકોને જીતવામાં સર્વાનુચિત કરી ભાજપ સફળ રહ્યું. વિપક્ષોની જાતિ જનગણનાનાં તેમજ જુની પેન્શન યોજનાની 'વોરન્ટી' જેવા પ્રલોભનો મતદાતાઓને પોતાની તરફ આકર્ષવા માટે મોદીની ગેરેન્ટી સામે નઠારી બની ફ્ન્ટી મારી ગઈ. આ ચૂંટણીમાં મોદીત્વ સાથે હિન્દુત્વનાં 'તત્વ'ને પણ એટલું જ મહત્વ આપવા શાસકે જુના ચહેરાઓને આગળ કરી મુખ્યમંત્રી માટેના 'ચહેરા'ને ગુપ્ત રાખી એટલે કે 'તત્વરૂપી શહેરા'ની આડમાં જ ચૂંટણી લડવા માટેનો માસ્ટર સ્ટ્રોક સ્ટ્રોંગ ઉભરી આવ્યો તેની પાછળનું ભાજપનો ચૂંટણી વ્યૂહ આવનારી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રચવામાં આવ્યો હતો તેવું જરૂર કહી શકાય, જે ભાજપની મુખ્ય વ્યૂહરચનાં રાજકીય ચૂંટણી પંડિતોને વિચારતા કરી દયે છે. ભાજપે ૨૦૨૪ની બીજી ચૂંટણીને ધ્યાનમાં રાખીને મોદીત્વને જ કેન્દ્રમાં રાખી કેવીરીતે જીતી શકાય તે રીતે 'નંબર ટુ ચહેરા' 'બંધ' બાજી તરીકે અકબંધ રાખી 'બંધે બંધ'માં જ બાજી રમી, એટલું જ નહીં પણ આગામી ચૂંટણી માટેનો એક જ ચહેરો ગેરેન્ટી બની શકે તેવું વાતાવરણ અત્યારથી જ બનાવી લીધું, એટલે કે સીએમનાં ચહેરાને કોઈપણ મુખ્ય'મંત્રી'નાં ચહેરાને સંત્રી તરીકે પણ જાહેર ન કરીને ચૂંટણીવ્યૂહરૂપી શસ્ત્ર બનાવી દીધું અને તમામ ચહેરાને (નેતાઓ)ને ચૂંટણી જીતવાનાં પ્રયાસો સાથે એટલાં જ પ્રવૃત કરી દીધા અને 'જીત'નો મુખ્ય ચહેરો તો 'મોદીત્વ' જ રહેશે તે સુનિશ્ચિત કરી દીધુ તેટલું જ નહીં પરંતુ ૨૦૨૪નું મોદી'તત્વ'ને વિપક્ષનું 'આવરણ' નડે નહીં તે માટેનો પોતાનો ગઢ નિશ્ચિત કરી મજબૂત કરી લીધો.

બીજી તરફ વિપક્ષને આ વખતની ચૂંટણીમાં શાસકના આ ચક્રવ્યૂહને કેવીરીતે ખાળવું...? તે 'કાદવમાં કેવી રીતે 'હાથ'નાંખવો તે વ્યૂહનો કોઈ ચક્રવાયુ મળે તે પહેલા જ વિચારના વાયુ વમંડળમાં હોમાઈ જઈ ઓસરી જવા જેવું બની ગયું.' કારણ કે પ્રાદેશિક પક્ષો વિપક્ષને પશ્ચિમ બંગાળ, ઉતરપ્રદેશ અને બિહાર જેવા મોટા રાજયોમાં પગરવ કરવા દેતા નથી ત્યારે ભાજપ માટે ઉતરપ્રદેશમાં તેના શાસનનાં કોઈ હરિફ જ નહીં રહે તો પ.બંગાળ અને બિહારમાં પોતાનો પ્રવેશ વધુ મજબૂત બનાવી જનતાદળ (યુ)માં 'દર' પડેને અમુક દળ શાસક સાથે પણ જોડાઈને શાસકને વધુ પ્રબળ બનાવી મદદરૂપ બની જશે અને શાસક માટે આવનારી ચૂંટણીમાં પણ જીત સુનિશ્ચિત કરી શકે છે...! ત્યારે આગામી સમયગાળામાં વિપક્ષને હવે કઈ 'સાપેક્ષ' દિશામાં જવું તે દિશા શોધવાનું પણ 'દ્વિદિશાવિહિન' બની રહેશે.

ભાજપને આ ચૂંટણીમાં અમિત શાહની ચહેરાઓ જાહેર કરવાની વ્યૂહરચના તેવી રીતે ગોઠવી કે 'મોદીત્વ'નાં 'તત્વ'ને કોઈ પરતત્વ હાવી ન બને અને મુખ્ય'તત્વ'ના મહત્વને કોઈ આંચ પણ ન આવે તેમજ શાસકનાં 'તત્વ'ને મહત્વ આપવા શહેરામાં રહેલો 'ચહેરો' કોણ હશે તેનો અણસાર પણ આવવા ન દીધો, તે વ્યૂહરચના જોઈએ તો અમિત શાહ અને ટીમશાસક છેલ્લા છ માસથી એક-એક રાજયમાં ખેડાણ કરી એક એક જનમાનસનો પ્લસ-માઈનસનો 'તાગ' મેળવી મોદીત્વને નબળી પડવા ન દઈને ચૂંટણીવ્યૂહ રચ્યો હતો. પરંતુ તેલંગાણામાં સફળ ન થયાં તે એક 'અભ્યાસ' માંગી લેશે. સાથે સાથે ભાજપની હિન્દીબેલ્ટમાં 'સ્થાનિક ગ્રાઉન્ડ' ઉભું કરવામાં 'સંઘ'ની પણ સતત શાસકપ્રેરિત 'વિકાસી મુદ્દા'ઓને મહત્વના સાબિત કરવામાં ભૂમિકા રહી છે એટલે કે તમામ શાસકપ્રેરિત પીઠબળને સાથે રાખીને ભાજપ ચૂંટણીના 'સોગઠા' ગોઠવીને લડે છે.

જયારે બીજીબાજુ વિપક્ષ સ્થાનિક નેતાઓ પર આધારિત રહી પોતે બીજી કેડરના 'સપોર્ટ'નો એકપાર્ટ રહીને લડે છે તેવી સતત ભૂલ જ તેના માટે શાસકના ચક્રવ્યૂહમાં પોતાનો 'વ્યૂહ' ખોઈ બેસે છે એટલે કે સપડાઈ જાય છે. ઓપીનીયન પોલ અને એકઝિટ પોલ જે રીતે છતીસગઢને કોંગ્રેસના 'ગઢ'માં (ખાતામાં) આવતા હતા તેને ભાજપે પ્રચંડ બહુમતીથી જીત મેળવી ફરી એકવખત એ સાબિત કરી દીધું છે કે, ''મોદી હૈ તો મુમકીન હૈ'' અને જબતક વો હૈ તબતક નામુમકીન (!)'' જે મિઝોરમ પણ તેના મીઝોનેશનલ ફ્ન્ટના સહારે જીતુ લીધું છે. કોંગ્રેસને એક સ્વશાસન માટે તેલંગાણમાં જ આશ્વાસનમાં મળ્યું છે ત્યારે કોંગ્રેસના મોવડીમંડળ જેવા ગાંધી કુટુંબથી પક્ષને નેતૃત્વ કરવાની અને ચૂંટણી જીતાડવાની ક્ષમતા સામે પણ પ્રશ્ન ઉભો થયો છે. ખાસ કરીને ૨૦૨૪ હવે દૂર નથી અને ભાજપ તેના નવા ચક્રવ્યૂહ ફરી મજબૂત બનાવી ભીડવશે....તો કોંગ્રેસ જે ખુદને રાષ્ટ્રીય પક્ષ અને ભાજપનો વિકલ્પ ગણાવીને 'ઈન્ડીયા' ગઠબંધનમાં જે રીતે નેતૃત્વ માંગે છે તેની પાસે તેનો સામનો કરવા કોઈ 'ચક્રવ્યૂહરૂપી' 'વાયુ' છે..?!! હિમાચલ અને કર્ણાટકમાં પ્રચંડ જીત માટે રાહુલ ગાંધીને 'યશ' આપીને તેને પરવશ થઈ આગળ 'પ્રવેશ'ના 'નિવેશ' કરવા માટે સવિશેષ રહ્યા તેને આ પરિણામોથી 'નિમ્નવેશ' કરી દેતા ફરી રાહુલ ખુદને ગંભીર નેતા રજૂ કરવામાં 'ધીરગંભીર' જેવી સ્થિતિમાં મુકાઈને મોદી સામેના મુકાબલનાની વાત તો 'અતિદૂર' થઈને અતિરેકમાં પરિવર્તિત થઈ વિચલીત થઈ ગયા છે.

વિપક્ષે મલ્લિકાર્જુન ખડગેને પક્ષના પ્રમુખ બનાવ્યા બાદ પણ નવી કેડરને આગળ વધારવાની જરૂર હતી તેના બદલે ફરી 'ગાંધી કુટુંબ' અતિગંભીર બની મોટુ વિઘ્ન બની રહ્યું છે. કર્ણાટક-હિમાચલની જીત બાદ કોંગ્રેસ પક્ષને મોટો વિશ્વાસ આવ્યો પણ તેને પક્ષનાં લાભમાં કેવી રીતે કાર્યાન્વિત કરી પરિવર્તિત કરી શકાય તેવી સૂઝ જ પ્રસ્થાપિત કરી ન શકી. ત્રણ રાજયોના કોંગ્રેસના નેતાઓ જાણે મોવડીમંડળ જ કેમ હોય તે રીતે શાસનથી લઈ ચૂંટણી સંચાલન કરતા રહ્યા અને કોંગ્રેસ મોવડીમંડળ તે 'નેતાઓ'નાં 'તાને' હોય તે રીતે શાસનથી લઈ ચૂંટણી સંચાલન સુધી અવિચલ 'ચલન' કરી ટિકિટ વહેંચણીમાં પણ તેઓએ પોતાની મરજી પ્રમાણે અરજીફરજ નિભાવતી રહી અને મોવડીમંડળને તો 'સિક્કા'ની જ ભૂમિકા ભજવવાની રહી...! કાળજી કેળવવાના બદલે કોંગ્રેસના નેતાઓ તેમના કાર્યકર્તાઓના બદલે તેમના પરિવાર અને વ્હલા-દાવલાની ફોજ પર વધુ ભરોસો કરતા રહ્યા. જેના કારણે કોંગ્રેસની રેલીઓમાં 'ભીડ' થઈ પણ તે રેલી પુરતી (બીડરૂપી) મર્યાદિત રહી પણ મતદાતાઓનાં મતના 'દાતા' બનાવી શકી નહી. શહેર મતદારો જે ઝડપથી એન્ટીઈન્કમબન્સીનો ભાગ બને છે તેનો મિજાજા પારખવામાં કોંગ્રેસે તસ્દી લીધી નહીં. વાસ્તવમાં કોંગ્રેસ મોવડીમંડળ ચૂંટણીમાં શું ચાલી રહ્યું છે તેનાથી ભાગ્યે જ કોઈ અપડેટ પ્રાપ્ત કરતી હતી. દિલ્હી અને આ રાજયોના પાટનગર વચ્ચે કોઈ ટયુનીંગ નહતું. ચૂંટણી મુદ્દાઓથી લઈને ભંડોળ સુધીની તમામ બાબત સ્થાનિક સ્તરે જ નિશ્ચિત કરી બેડોળ રહ્યા અને રાહુલ ગાંધી જેવા નેતાઓ અદાણી-મોદીની 'ઘાણી' કાઢવામાંથી બહાર ન આવી કોંગ્રેસ પાસે જે મુખ્યમંત્રીપદના ચહેરા ત્રણેય રાજયોમાં નિશ્ચિત હતા તેનો લાભ પણ ઉઠાવી શકયા નહીં. એ જ જૂના ચહેરા મુકવા માટે કોઈ નવા 'મ્હોરા' પણ શોધ્યા નહીં.

મ.પ્રદેશમાં તો કોંગ્રેસના બે ઈન્ચાર્જને ખુદ મુખ્યમંત્રી કમલનાથની સાથે જ કામ કરવાનું કપરૂ લાગતાં અંતે રણદીપ સૂરેજવાલાને મૂકવા પડયા હતાં. રાહુલ ગાંધી કમલનાથને કંઈ કહી શકે તેવી સ્થિતિમાં જોવા મળ્યાં નહીં. મોવડીમંડળે ખુદની ચેનલથી મધ્યપ્રદેશનાં ફિડબેક મેળવ્યા જે તદ્દન ગેરમાર્ગે દોરનારા નિવડયા.

રાજસ્થાનમાં તો મુખ્યમંત્રી અશોક ગેહલોતે કોંગ્રેસ મહાસમિતિનાં સહી સિક્કા જયપુર મંગાવીને ઉમેદવાર જાહેર કરી દીધા અને વફાદરોની ફોજ ઉભી કરી મુખ્યમંત્રી બનવા માટે ફોજદારી તૈયારી આદરી દીધી. છતીસગઢમાં મુખ્યમંત્રી ભૂપેશ બધેલ ઓપનીયન પોલથી વધુ પડતા આત્મવિશ્વાસમાં રહ્યા અને મોદી રોજ આવીને પ્રહાર કરતાં રહ્યાં અને કોંગ્રેસ પાસે આ પ્રા..ત્યેક 'હાર' સહન કરવા સિવાય કોઈ પ્રતિકાર કરવા પડકારરૂપી જવાબ જ શોધતા રહ્યા.

તેલંગાણામાં કોંગ્રેસ જીતુ ગયું પરંતુ દક્ષિણમાં ભાજપનો વોટશેર ત્યાં વધ્યો છે. જો કે, એ હવે 'એ દિવસો પણ દૂર નથી' કે તેલંગણા હોય કે કર્ણાટક ભાજપ પાસેથી છીનવાયું છે ત્યાં ફરી લોકસભામાં પરત પણ મળી શકે છે તેના એંધાણ વર્તાય રહ્યા છે. કારણ કે, જયાં ભાજપ પોતાની સતા ગુમાવી છે ત્યાં ફરી કમળ ખીલે તેવા પ્રયાસો આદરી દેવા સમજદારી અત્યારથી જ કેળવી લીધી છે ને આગામી ચૂંટણીમાં ઉપરોક્ત ગુમાવેલા રાજયોમાં ફરી મનોમંથન કરી કેવી રીતે આત્મસાત કરવું તેનો ચક્રવ્યૂહ ગોઠવવા તૈયારી અત્યારથી જ આદરી દીધી છે. ટુંકમાં ભાજપે દક્ષિણ ક્ષેત્રોમાં કયાં અને કેવીરીતે થાપ ખાધી તેનું એનાલીસીસ કરવાનું શરૂ કરી દીધું છે પરંતુ કોંગ્રેસ માટે હવે કોઈ ટનલ પ્રકાશમય રહી નથી, માત્રને માત્ર 'બર્નલ-રકાસ' બની ગઈ છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છતીસગઢ આ ત્રણેય રાજયોમાં કોંગ્રેસના વોટશેરમાં ઘટાડો થયો છે. મધ્યપ્રદેશમાં ૨૦૧૮માં કોંગ્રેસને ૪૦.૫૨ ટકા મતો મળેલા જયારે ૨૦૨૩માં તેને ૪૦.૩૯ ટકા મતો મળ્યા. જયારે રાજસ્થાનમાં તો કોંગ્રેસનો વોટશેર વધ્યો છે. ૨૦૧૮માં વોટશેર ૩૯.૩ ટકા હતો જે ૨૦૨૩માં ૩૯.૫૩ ટકા થયો આમ તેનો વોટશેર વધ્યો છે. જયારે છતીસગઢમાં ૨૦૧૮માં કોંગ્રેસ ૪૩ ટકા વોટશેર સાથે સતા મેળવી હતી પરંતુ ૨૦૨૩માં ૪૨ ટકા વોટશેર થયો. એક સમયે ઓપનીયન પોલ અને એકઝિટ પોલના 'વર્તારા'એ ભાજપની ચિંતા વધારી દીધી હતી ત્યાં કોંગ્રેસના પતા ઉંધેકાંધ પટકાયા અને ખરાબ રીતે સતા ગુમાવી.

જયારે ભાજપે મધ્યપ્રદેશમાં ૭ ટકા, રાજસ્થાનમાં ૪ ટકા અને છતીસગઢમાં ૧૩ ટકાનો વોટશેર વધાર્યો. જો કે કોંગ્રેસનો વોટશેર જે ૨૦૧૮માં હતો તેમાં મામૂલી ઘટાડો થયો છે પરંતુ તેને મહામૂલી ગણનામાં લે તો વધી શકે. તેની સામે ભાજપનો વોટશેર ૨૦૧૮માં પરાજય થયા બાદ પણ ૨૦૨૩માં ભાજપના વોટશેરમાં એકંદરે ૭ થી ૧૩ ટકા જેટલો વધારો નોંધાયો છે. જે કોંગ્રેસનાં ૨૦૨૩નાં મામૂલી ઘટાડાને ભાજપના વધારા સાથે સરખાવીએ તો તે મહામૂલો સાબિત થયો છે. એટલે કે કહેવાનું તાત્પર્ય એ છે કે, ભાજપનું ચૂંટણી સમીકરણ કોંગ્રેસ સમજી શકતું નથી. કારણ કે કોંગ્રેસ પાસે જયાં સતા છે ત્યાં તેના સ્થાનિક લેવલના કાર્યકરો તેની આજુબાજુના એટલે કે સતા વિસ્તારોમાં જ જોડાયેલા રહે છે. નહીં કે જન-જન સુધી...!? જયારે ભાજપના કાર્યકર્તાઓ અન્ય મતો'ના દાતા ન બની જાય તેની આસપાસ અને સતત સંપર્કમાં રહેતા જોવા મળે છે જેથી તેને આસાનાથી પોતાના મત વિસ્તાર મુજબના મતદાતા બનાવવામાં સફળ રહે છે. જેનો સીધો અને સરળસ્વરૂપે મતદારોના માનસ-ચહેરા સુધી 'ખીલી' ઉઠે છે ને પછી છેલ્લે મોદીત્વનો 'ગેરેન્ટીત્વ' ચહેરો આપોઆપ મત-માનસનાં કમળને ખીલવવા સરળ બની પહોંચાડી દયે છે. ભાજપનું જન્મત્વ હિન્દુત્વમાંથી ઉદ્દ્ભવ્યું છે અને તે તેના 'જીન્સ'માં હોય છે અને તેનો ચૂંટણીમાં કયાં કયારે અને કેવીરીતે કયા 'મતદાતા'માં પરિવર્તિત કરવો તે, તેને કઈરીતે એક-એક જન-જનનાં બિન્દુથી લઈ હર-એક જન સુધીનો પરિશ્રમ છે. ભાજપે આ 'તત્વ'ને રાષ્ટ્રવાદ સાથે સંપાદિત કરી દીધો છે જે કોંગ્રેસ આ 'તત્વ'ને (હિન્દુત્વ)ને 'મત' પુરતો મર્યાદિત બનાવી દીધો...!!! હોય, તેમ દરેક ચૂંટણી વખતે આ હિન્દુત્વને સ્વતત્વ બનાવવા પરતત્વને પામવા બે ડગ આગળ ચાલે છે ને એ ડગ 'ખડગ' સાથે ટકરાયને પાછુ ધક્કે-લઈ જાય છે. હિન્દુત્વને પામવા માટે બે પાંચ તીર્થસ્થાનો કે મંદિરોમાં ચૂંટણી સમયે જવાથી કે કોઈ જગ્યાએ યજ્ઞોપવિત ધારણ કરવાથી આ 'તત્વ'ને પામી ન શકાય... ભારતમાં આ તત્વ'જ્ઞાન (હિન્દુત્વ)ને એક અલાયદુ સ્થાન મળ્યું છે જેને પ્રાપ્ત કરવા માટે દર એક-અનેક 'હિન્દુત્વ'ને સમજવું પડે..!!? કોંગ્રેસે આ રાષ્ટ્રવાદને સંવાદરૂપી આ 'તત્વ'નાં આચરણમાં લાવવા માટે તેના નિર્વિવાદિત પરિસંવાદમાં પ્રતિપાદિત થવા માટે પર-એક સંવાદે હરેક પરિસંવાદ પારખવાની 'સમજ' કેળવવી પડે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસને આ સનાતન 'સ'ત્વ'નો વિરોધ પરતત્વ માટેનું 'તત્વ' બની પ્રતિ એક-એક હિન્દુત્વ માટેનો અવરોધ બની ગયો અને પક્ષને પરોક્ષરીતે 'વિપક્ષોઘાત' સાબિત થઈ ગયો અને ખુદ કમલનાથે આ સનાતનના 'તત્વ'નું પુનરાવર્તન ન થાય તે માટે ભોપાલમાં વિપક્ષની રેલી પ્રતિશોધ ન બની જાય તે માટે રદ કરી પરંતુ તે સંપૂર્ણપણે રદબાતલમાં તબદિલ ન થઈ અને તેનું આવર્તન સંવર્ધનમાં રૂપાંતરિત થઈ જતા તેને આ 'તત્વ'નો ફાયદો ન થયો. જયારે ભાજપે ચતુરાઈપૂર્વક આ વિરોધને પાછલાબારણે શાંત પાડી દીધો, કારણ કે ભાજપને એ વાતનો ખ્યાલ હતો કે આ સનાતન મુદ્દો જો મુસદ્દો બની જશે તો આ 'સત્વ'ને પ્રતિ એક-એક હિન્દુત્વ માટે અવગતિ બની ગતિરોધક બની જશે તેથી આ હરેકમાં અનેક હિન્દુત્વનો ફાયદો કોંગ્રેસને ન મળ્યો. કોંગ્રેસે 'રેવડી'ને લાભાર્થીઓ સુધી પહોંચાડવાનું કોઈ પ્રયોજન જ નથી, બીજીરીતે કહીએ તો કોંગ્રેસને અનેક યોજનાઓ હોવા છતાં હર-એક-એક જન સુધી કયાં સમયે કેવીરીતે અને કંઈરીતે જોડી શકાય તેનું કોઈ આયોજન જ નથી. જયારે બીજી તરફ ભાજપ પાસે આ હરેક યોજનાનું સમય અને પત્રક પ્રતિ-એકએકને અનેકમાં કેવીરીતે અને કઈરીતે અર્પવું તેનું સંયોજન હોય છે. પછી તે ભલે કિસાન સન્માનનિધિ હોય કે ૮૦ કરોડ પરિજનોને મફત અનાજની આ 'રેવડી' હરેક જનને 'દીઠી' કરી જનસાથે પક્ષને પણ લાભદાયી 'મીઠી' બનાવી તેની સંપૂર્ણ મીઠાશ પામવાનું પરિપૂર્ણ અને પરિપકવતારૂપી સંયોજનરૂપી જ્ઞાન છે જેનો કોંગ્રેસમાં અભાવ છે. એટલે કે કોંગ્રેસ ડેમેજ કંટ્રોલને ઈમેજ 'સેન્ટ્રલ'માં પ્રભાવિત કઈરીતે કરી શકાય તેની સમજ અસમંજસમાં પરિવર્તિત થઈ જતી હોય તેવું જણાય છે પછી તે ઉમેદવારો પસંદગી હોય કે હર એક-એક મનના અનેક મત'ના દાતાઓને પક્ષના વિધાતામાં પરિવર્તિત કરવાનો પ્રયાસ, પ્રતિએક-એક વિસ્તારનો સવિસ્તાર અભ્યાસ માંગી લ્યે છે.

ભાજપે ઉમેદવારી પસંદગીમાં દર એક-એક જનની (પોતાના નેતા માટે)ની 'ઉમિદ' કેવી છે તેનો સર્વે કરાવ્યો અને પછી તે દરેક ઉમેદવારની યાદી જાહેર કરી અને જયાં જરૂરી જણાયું ત્યાં ફેરફાર કરાયો. જયારે કોંગ્રેસ પક્ષ માટે પરિવારજનો-વફાદારો અને બળીયા પક્ષો મહત્વનાં રહ્યાં અને પર 'તત્વ'ને સમજવામાં અસમજણ રહ્યા અને ફરી આ રેસમાં 'ગ્રેસ' થવાનો મોકો ચૂકી લેસ થયા. વાસ્તવમાં કોંગ્રેસે ભાજપનાં હિન્દુત્વ 'તત્વ'ને વિભાજીત કરવા લઘુમતી-ઓબીસીને અલગ કરવાની રણનીતિ પર રમતી હતી જે માત્ર ૧૮ ટકા મતદારો સુધી સિમીત હતી, પરંતુ બાકીના ૮૦ ટકા મતદારોનો 'મદાર' કેના પર છે તે અસમંજસમાં રણનીતિ રેગિસ્તાનના રણ જેવી બની ગઈ હતી. રાજકારણમાં ધર્મનો દ્રષ્ટિકોણ સારો કે નરસો તે મુદ્દો નથી પરંતુ લોકશાહીમાં બહુમતી 'જનમાનસ'નું જ અગત્યનું વજન હોય છે તેવું જ્ઞાન ગ્રહણ લેવા દરેક જનનું હિત પરિભ્રમણ જરૂરી બની રહે છે. કોંગ્રેસનો ગઢ હંમેશા આદિવાસી રહ્યો છે પછી તે કોઈપણ રાજય એટલે કે મધ્યપ્રદેશ, છતીસગઢ અને રાજસ્થાન, પરંતુ તેમાં છેલ્લી બે ચૂંટણીમાં જોઈએ તો ભાજપ આદિવાસી ફેકટરને વિકાસ સાથે જોડીને વિકસિત કરી લીધો અને તેના માટે હવે પરિણામલક્ષી નિશ્ચિત કરી લીધો તે તો ભાજપે દેશના પ્રથમ નાગરિક મહિલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને નિયુક્ત કરી અવૈધિક રીતે એટલું જરૂર પ્રદર્શિત કરી દીધું કે ભાજપ જેટલું અન્ય સમુદાયને મહત્વ આપે છે તેટલું જ આદિવાસી સમુદાયને પણ આપે છે ભાજપ દરેક નિયુક્તિ પાછળ તેની ક્ષમતા સાથે તેના લાભને પણ સંયુક્ત કરી લે છે. જયારે કોંગ્રેસ વફાદારીને મહત્વ આપી પક્ષના જ નેતાઓને બઢતી આપે છે.

અત્રે નોંધનીય છે કે, હાલમાં યોજાયેલી ચૂંટણીમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છતીસગઢમાં આદિવાસી મતદારો ૩૧ ટકા છે ને ભાજપે ૨૦૧૮માં ૧૯ બેઠકો જીતી હતી અને આ વર્ષની ચૂંટણીમાં ૪૪ બેઠકો જીતી. આ ઉપરાંત રાજસ્થાનમાં ભાજપે ૨૦૧૮ કરતાં આ વર્ષની ચૂંટણીમાં આદિવાસી અનામતની ૪ બેઠકો સર કરી ખુદ વડાપ્રધાને આ મતક્ષેત્રમાં અધિક પ્રચાર સાથે અત્રે જે આદિવાસીઓ માટેની યોજના છે તેમાં રહી ગયેલા પછાત વર્ગો માટે સર્વાધિક રૂા. ૨૪૦૦૦ કરોડની યોજના જાહેર કરીને કોંગ્રેસની 'ગ્રોથબેંક'ને ક્રોસકેક કરી 'લેસબેંક' બનાવી ભાજપે 'ગ્રેસ' કરી લીધી. તે જ રીતે છતીસગઢમાં પણ આજરીતે પોતાની તરફ આદિવાસી ફેકટરને 'વોટબેંક'માં તબદીલ કરી વિજય સુનિશ્ચિત કરી લીધો. જયારે મધ્યપ્રદેશમાં પણ ભારતીય જનતા પક્ષે આદિવાસી વિસ્તારની ૧૯ બેઠકો જીતવામાં સંઘની વનવાસી કલ્યાણ આશ્રમ યોજનાએ બેવડી ભૂમિકા ભજવી એક તો જે રીતે ક્રિશ્ચીયન મીશનરીઓના આ પછાત વિસ્તારોમાં ધર્માંતર સહિતના અવરોધો દૂર કરવામાં પણ અગત્યની સાબિત પુરવાર બની. કોંગ્રેસનો સશકત દારૂગોળો જાતિઆધારિત ગણના અને જુની પેન્શન યોજનાને લાગુ કરવા કોંગ્રેસે જોરશોરથી મુદ્દારૂપી મારો ચલાવ્યો, પણ તે ભૂલી ગઈ કે જે તે સમયે મનમોહનસિંહે પણ આ યોજના નકારી હતી પરંતુ તેને ફરી માત્રને માત્ર 'વોટબેંક'માટે પ્રચાર-પ્રસારમાં 'રેવડી'રૂપે પ્રસરાવી પરંતુ તે પણ મતદારોના મતને સ્વીકૃત કરવા 'કડવી' બની ગઈ અને મતદારોએ ન સ્વીકારી. ટુંકમાં કોંગ્રેસમાં સર્વાનુકૂળ લાભદાયી મુદ્દાઓને યોગ્ય સમયે સુયોગ્ય દિશામાં રજૂ કરવાનો અવિરત અભાવ રહ્યો માત્ર આભાસી પ્રભાવ કોઈ પોતાનાજોગ 'સંજોગ' બને તેવો કોઈ સમભાવ જ ન રહ્યો. બીજા વિશ્વયુધ્ધમાં જયારે બ્રિટનને વિજેતા તરફ ભણી જનાર દેશના વડાપ્રધાન ચર્ચીલે સામાન્ય ચૂંટણીમાં 'માત' ખાધી (હારીગયા) તેનું કારણ એ આવ્યું કે, યુધ્ધ સમાજના રાષ્ટ્રવડા તરીકે તે શ્રેષ્ઠ છે પરંતુ શાંતિ સમયનાં અને પુનરોધ્ધાર માટે તેઓ તેમના અનુગામી તરીકે એટલીને પસંદ કરાયા. આ એજ 'જવાબી સંદેશ' છે કે જો તમે હર એક એકનાં દરેક જનમાનસ સાથે જોડાયેલા ન રહો તો પોતાનો મત(દાતા) તે વિસ્તાર(દાતાર)માંથી પણ ખોય બેસો છો....!! હવે જાણવાનું એ રહ્યું કે, જો ચર્ચીલ જેવા મહાન નેતા સાથે એ થયું તો... રાહુલ ગાંધી કે કે.ચંદ્રશેખર રાવ કંઈ 'અસમજણ'માં પોતાની 'સમજણ'નો પ્રભાવ પારખી શકશે....? કે ફરી પ્રતિએક-એક જનના 'માન'સમભાવમાં પોતાનો (સ્વભાવ) ખોઈ બેસશે...''કયાં બોલવું, કયાં અટકવું, કયાં ટકવું અને કયાં છટકવું...જો તેની 'સટક-સુઝ' કેળવી લ્યે તો કયાંય બટકવું કે લટકવું ન પડે.....!?!'' પરંતુ હવે આ બધું તો આવનારી લોકો વડે ચાલતી 'લોક'શાહી'ના સર્વગ્રાહી જનમાનસ પર જ સુનિશ્ચિત થશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ગંગા સમાન કોઈ તીર્થ નથી.

- અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૧૩ શિવરાત્રી, ચૌદશનો ક્ષય છે, સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજની પૂણ્યતિથિ તા.૧૧ ડિસેમ્બર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨૭, વિશાખા નક્ષત્ર, સુકર્મા યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૨૩, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# દ્વારકાધીશ જગતમંદિરમાં આગામી ધનુર્માસ દરમ્યાન શ્રીજીના ઉત્સવ દર્શન કાર્યક્રમમાં ફેરફાર



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૧

દ્વારકાધીશ જગત મંદિરમાં દર વર્ષેની જેમ આ વર્ષે પણ ધનુર્માસ દર્શન મનોરથના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. હિન્દુ કેલેન્ડર અનુસાર માગસર મહિનામાં સૂર્ય ધન રાશિમાં રહેતો હોય આ માસને ધનુર્માસ તરીકે ઓળખવામાં આવે છે. જગતમંદિરના વહીવટીદારની યાદીમાં જણાવ્યાનુસાર મંદિરના વારાદાર પૂજારીઓ દ્વારા ધનુમાર્સ ઉત્સવો દરમ્યાન ઠાકોરજીના દર્શનના સમયમાં ફેરફાર નોંધાયો છે. આગામી તા.૨૧-૧૨-૨૦૨૩(ગુરૂવાર), તા.૨૮-૧૨-૨૦૨૩ (ગુરૂવાર), તા.૪-૧-૨૦૨૪ (ગુરૂવાર), તા.૯-૧-૨૦૨૪ (મંગળવાર)ના દિવસોમાં આવનાર ધનુર્માસ દરમ્યાન મંગલા આરતી સવારે ૫:૩૦ કલાકે અનોસર(મંદિર બંધ) સવારે ૧૦:૩૦ ઉત્થાપન દર્શન સાંજે ૫:૦૦ કલાકે, સાંજનો ક્રમ નિત્યક્રમ મુજબ રહેશે.

# વૈષ્ણોદેવીની યાત્રા માટે હેલિકોપ્ટર સેવા શરૂ કરાઈ



નવી મુંબઈ, તા.૧૧

વૈષ્ણોદેવીની પવિત્ર યાત્રા દર વર્ષે લાખો ભક્તોને આકર્ષે છે. જો કે શ્રદ્ધાળુઓ કુલ ૧૩ કિમીની આ યાત્રા પગપાળા જ પૂર્ણ કરે છે, પરંતુ ઘણા લોકો છે જે આ મુશ્કેલ યાત્રા પગપાળા પૂર્ણ કરી શકતા નથી. હિમાલયના આકર્ષક દ્રશ્યો વચ્ચે ઝડપી અને વધુ આરામદાયક મુસાફરી ઈચ્છતા લોકો માટે, હેલિકોપ્ટર સેવા એ સારો ઓપ્શન છે. જે લોકો ખાસ કરીને વૃદ્ધો પગપાળા મા ના દર્શન નથી કરી શકતા તેવા લોકો માટે હવે હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી છે.

કઈ રીતે બુક કરી શકાશે હેલિકોપ્ટર સેવા અને બુકિંગના નિયમો

બુકિંગ મોડઃ

હેલિકોપ્ટર ટિકિટ બુક કરવાની બે રીત છેઃ

૧. ઓનલાઈન બુકિંગઃ શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ https://online.maavaishnodevi.org/ પર જવુ

હેલિકોપ્ટર સર્વિસ' ઓપ્શનને સિલેક્ટ કરો અને જો તમારી પાસે પહેલેથી જ એકાઉન્ટ હોય તો લોગિન અથવા રજીસ્ટ્રેશનની પ્રક્રિયા કરીને આગળ વધો.

તમારી ઈચ્છિત મુસાફરીની તારીખ, માર્ગ મુસાફરોની સંખ્યા અને પસંદગીનો સમય પસંદ કરો.

પેસેન્જરની માહિતી આપો અને પેમેન્ટની સુચનાઓનું પાલન કરો. ત્યારપછી તમને તમારી ઈ-ટિકિટ સાથે એક કન્ફર્મેશન ઈમેલ પ્રાપ્ત થશે.

૨. ઑફલાઈન બુકિંગઃ

કટરા ખાતેના હાલના હેલી-ટિકિટ કાઉન્ટર પર ઑફલાઈન ખરીદી માટે મર્યાદિત ટિકિટ ઉપલબ્ધ છે.

આ કાઉન્ટર વહેલા તે પહેલાના ધોરણે ચાલે છે.

તમામ મુસાફરોએ માન્ય આઈડી પ્રૂફ સાથે રાખવા જરૂરી છે.

હેલિકોપ્ટર બુકિંગ માટેનો સમયઃ ઓનલાઈન બુકિંગઃ મુસાફરીની તારીખના ૬૦ દિવસ પહેલા દરરોજ સવારે ૧૦:૦૦ વાગ્યે ખુલે છે.

ઑફલાઈન બુકિંગઃ કાઉન્ટર દરરોજ સવારે ૭:૦૦ વાગ્યે ખુલે છે

હેલિકોપ્ટર સેવાઓઃ વાતાવરણને અનુકુળ દરરોજ સવારે ૭:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધીનો હોય છે.

હેલિકોપ્ટર પ્રવાસ માટે કિંમતઃ

કટરાથી સાંજીછત સુધીનું વન-વે ભાડું અથવા તેનાથી વિપરીત વ્યક્તિ દીઠ રૂ. ૨૧૦૦ છે.

કટરાથી સાંજીછટ સુધીની દ્વિ-માર્ગી ટિકિટ ૪૨૦૦ રૂપિયા પ્રતિ વ્યક્તિ છે.

૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે આ સુવિધા નિઃશુલ્ક છે અને આ બાળકોને પુખ્ત વયના લોકોના ખોળામાં મુસાફરી કરવી પડશે.

# હાર્ટ અટેકથી મરનારાઓની સંખ્યામાં ૧૨ ટકાનો વધારો




નવી દિલ્હી, તા.૧૧

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના નવા રિપોર્ટ અનુસાર, ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૨માં હાર્ટ અટેકથી મૃત્યુ પામનારાઓની સંખ્યામાં ૧૨.૫ ટકાનો વધારો થયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૨ માં હાર્ટ અટેકના કારણે ૩૨,૪૫૭ લોકોના મોત થયા હતા, જે ગયા વર્ષે નોંધાયેલા ૨૮,૪૧૩ મૃત્યુ કરતા ઘણા વધારે છે. રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે કોવિડ-૧૯ પછી હાર્ટ અટેકના કારણે મૃત્યુની સંખ્યા સતત વધી રહી છે. ઘણા સંશોધનોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કોરોના વાયરસને કારણે હાર્ટના ફંક્શનને ખૂબ અસર થઈ છે. માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૨માં અચાનક મૃત્યુનો દર પણ વધ્યો છે. વર્ષ ૨૦૨૨માં અચાનક મૃત્યુનો કુલ આંકડો ઘણો આશ્ચર્યજનક છે. અચાનક મૃત્યુની સંખ્યા ૫૬,૪૫૦ છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં ચિંતાજનક રીતે વધી રહેલા વલણને દર્શાવે છે. વર્ષ ૨૦૨૨માં આ આંકડો ૫૬,૪૫૦ સુધી પહોંચી ગયો હતો જે જે ગયા વર્ષના ૫૦,૭૩૯ના આંકડા કરતાં ૧૦.૧ ટકા વધારે છે. NCRBએ પોતાના રિપોર્ટમાં આકસ્મિક મૃત્યુની વ્યાખ્યા કરી છે. હાર્ટ અટેક અને બ્રેઈન સ્ટ્રોકના કારણે મૃત્યુમાં સતત વધારો થઈ રહ્યો છે.

આ આંકડો ૨૦૨૦ માં ૨૮,૫૭૯ થી ઘટીને ૨૦૨૧ માં ૨૮,૪૧૩ થયો અને પછી ૨૦૨૨ માં વધીને ૩૨,૪૫૭ થયો. નિષ્ણાંતોએ ઘણા પરિબળો દર્શાવ્યા છે જે હાર્ટ અટેકનું જોખમ વધારે છે. જેમ કે ઉચ્ચ સોડિયમ ડાયટ, કસરતનો અભાવ, ધૂમ્રપાન, વધુ પડતો દારૂ પીવો, વધુ એક્ટિવ ન રહેવું. સ્વાસ્થ્ય વિશેષજ્ઞોના મતે, હિમોગ્લોબિનનું ઊંચું સ્તર તમારા હૃદયના જોખમને પણ વધારી શકે છે. સ્ટ્રોક અને લોહી જાડુ થવું, જે પોલિસિથેમિયા તરીકે ઓળખાય છે. આ વધારાના કોષો લોહીને ઘટ્ટ કરે છે. તેના પ્રવાહને ધીમો કરે છે અને લોહી ગંઠાવું જેવી ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે. નેશનલ હેરાલ્ડ અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ અનુસાર, હિમેટોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટના પ્રિન્સિપલ ડાયરેક્ટર ડૉ. રાહુલ ભાર્ગવના મતે હાઈ હિમોગ્લોબિન લેવલને અવગણવું જોઈએ નહીં કારણ કે તેનાથી લોહી ગંઠાઈ જવાનું જોખમ વધી શકે છે અને ક્યારેક ક્યારેક સ્ટ્રોક, હાર્ટ અટેક અને પગ અને પેટમાં લોહીના ગંઠાવા જેવી ખતરનાક સ્થિતિ બની શકે છે.

# વન્ડરલા પાર્ક એન્ડ રિસોર્ટ્સ રૂ. ૩૫૦ કરોડના ખર્ચે ગુજરાતમાં એક એમ્યુઝમેન્ટ પાર્ક સ્થાપશે

## પાર્કની સ્થાપનાથી ૧૦૦૦ લોકો માટે રોજગારીની તકો ઊભી થશે



(જી.એન.એસ)ગાંધીનગર,તા.૧૧

ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસામાં રહેલી પ્રવાસન ક્ષમતાનો લાભ લેવા માટે ગુજરાત સરકાર વિવિધ પહેલ અને નીતિઓ દ્વારા પ્રવાસન ક્ષેત્રને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહી છે. રાજ્ય આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ માટે સજ્જ થઈ રહ્યું છે, અને વિવિધ ક્ષેત્રો માટે ગુજરાતમાં ઉપલબ્ધ તકોને પ્રદર્શિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા અત્યારસુધીમાં ૧૧ આંતરરાષ્ટ્રીય અને ૮ રાષ્ટ્રીય રોડ શૉ આયોજિત કરવામાં આવ્યા છે તેમજ પ્રતિનિધિમંડળોની મુલાકાતો યોજવામાં આવી છે. આ રોડ શૉ અને પ્રતિનિધિમંડળની મુલાકાતો દ્વારા રાજ્ય સરકારે ગુજરાતની વિકાસયાત્રામાં ભાગીદાર બનવા માટે વૈશ્વિક અને રાષ્ટ્રીય કંપનીઓને આમંત્રણ આપ્યું છે. ગુજરાત તેના વૈવિધ્યસભર ભૌગોલિક વિસ્તારો સાથે યુનેસ્કો (દ્રઈજીર્ઝ) હેરિટેજ સાઈટ્સ, પતંગોત્સવ, ગરબા અને રણોત્સવ જેવા વાયબ્રન્ટ ઉત્સવો, વન્યજીવ અભયારણ્ય અને પ્રાચીન સમુદ્ર તટ જેવા વિવિધ પ્રવાસન આકર્ષણોનો ખજાનો ધરાવે છે. આ ઉપરાંત, ગુજરાતમાં સ્થાપત્યના ઘણા અદ્ભુત ઉદાહરણો જોઈ શકાય છે, જેમાં કેવડિયા ખાતેની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા, સ્ટેચ્યુ ઑફ યુનિટી અને એશિયાઈ સિંહો માટેનું એકમાત્ર નિવાસસ્થાન ગિરના જંગલનો સમાવેશ થાય છે. યુનેસ્કો દ્વારા અમદાવાદ શહેરને ભારતના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો છે, અને આ બાબત ગુજરાતની સાંસ્કૃતિક સમૃદ્ધિમાં વધારો કરે છે. વિદેશી પ્રવાસીઓની સંખ્યાની બાબતમાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાને છે. ગુજરાત યુનાઈટેડ કિંગડમ, કેનેડા અને યુએસએ જેવા દેશોમાંથી પ્રવાસીઓને આકર્ષે છે. પ્રવાસીઓ માટે સુવિધાઓને વધારવા માટે ગુજરાત સરકારે ટેક્નોલોજીને અપનાવી છે, અને વિવિધ પહેલોને અમલી બનાવી છે, જેમકે પ્રવાસીઓની સંખ્યાનું ડિજિટાઈઝેશન કરવા માટે આતિથ્યમ પોર્ટલ, ટુરિસ્ટ ઈન્ફર્મેશન બ્યુરો (ૈંમ્) અને ભારતભરમાં ટુરિસ્ટ રિસેપ્શન કાઉન્ટર્સ (ઈઝ). તદુપરાંત, પ્રવાસન સંબંધિત અન્ય ક્ષેત્રો માટે મહત્વપૂર્ણ નીતિઓ ઘડનાર અને અપનાવનાર ગુજરાત એકમાત્ર રાજ્ય છે. આ નીતિઓમાં હેરિટેજ ટૂરિઝમ પોલિસી ૨૦૨૦-૨૦૨૫, સિનેમેટિક ટૂરિઝમ પોલિસી ૨૦૨૨-૨૦૨૭, ટૂરિઝમ પોલિસી ૨૦૨૧-૨૦૨૫ અને ગુજરાત હોમસ્ટે પોલિસી ૨૦૨૦નો સમાવેશ થાય છે. ટકાઉ પ્રવાસનને પ્રોત્સાહન આપવાની રાજ્યની પ્રતિબદ્ધતાની તાજેતરમાં જ કચ્છના ધોરડો ગામને દ્રઉ઼્ દ્વારા 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો એવોર્ડ આપીને કદર કરવામાં આવી છે. આ ઉપરાંત, થોડા દિવસો પહેલા જ ગુજરાતના ગરબાને યુનેસ્કોની 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો' (ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ) ની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે, તેમજ રાજ્ય ૨૦૨૪માં ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રતિષ્ઠિત ફિલ્મફેર એવોર્ડ્સની યજમાની કરવા માટે પણ સજ્જ છે. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય રોડ શો દરમિયાન, ગુજરાત સરકારે પ્રવાસન અને હોસ્પિટાલિટી ક્ષેત્રની અગ્રણી કંપનીઓ સાથે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરી હતી. આ ચર્ચાઓ ગુજરાતના પ્રવાસન અને હોસ્પિટાલિટી ક્ષેત્રના વિઝન અંગે તેમજ રાજ્યમાં ઉપલબ્ધ વિવિધ રોકાણની તકો અંગે કરવામાં આવી હતી. ઘણી મોટી કંપનીઓએ શિવરાજપુર બીચ, ગિફ્ટ સિટી, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાબરમતી રિવરફ્રન્ટ સહિતના ગુજરાતના મુખ્ય પર્યટન સ્થળો પર હોટલ અને રિસોર્ટ સ્થાપવા માટે ઊંડો રસ દર્શાવ્યો હતો. બેંગલુરુમાં વાઈબ્રન્ટ ગુજરાત રોડ શૉ દરમિયાન અનેક નોંધપાત્ર કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં ગુજરાતમાં એક એમ્યુઝમેન્ટ પાર્ક સ્થાપવા માટે વન્ડરલા પાર્ક્સ અને રિસોર્ટ્સ સાથે ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પર હસ્તાક્ષર કરવાનો સમાવેશ થાય છે. સૂચિત રોકાણનો અંદાજ રૂ. ૩૫૦ કરોડ છે, જેનાથી ૧,૦૦૦ નોકરીઓનું સર્જન થવાનો અંદાજ છે. લેગો ગ્રુપ (ડેનમાર્ક), ક્રિએટિવ વિઝન મીડિયા પ્રોડક્શન કંપની (યુએસએ), પીપલ ઓફ કલ્ચર સ્ટુડિયો (યુએસએ), વાયાટ્રાવેલ કોર્પોરેશન (વિયેતનામ), અને રમાડા પ્લાઝા (ચંદીગઢ) જેવી ઘણી અન્ય આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કંપનીઓ પણ ગુજરાતના વાયબ્રન્ટ પ્રવાસન ક્ષેત્રમાં રોકાણની તકોને એક્સપ્લોર કરવાની ચર્ચામાં જોડાઈ હતી. ગુજરાતમાં પરંપરાઓ અને આધુનિકતાનો અનોખો સમન્વય જોવા મળે છે. આ ક્ષમતાને વધારવા માટે, ગુજરાત વિશ્વ માટે તેના દરવાજા ખોલી રહ્યું છે, જેથી કરીને ભારત અને વિદેશના રોકાણકારો અને પ્રવાસીઓ અહીં આવે અને વૈશ્વિક પ્રવાસન સ્થળ બનવાની ગુજરાતની યાત્રામાં જોડાય. ગુજરાત સરકાર પ્રવાસન ક્ષેત્રમાં સહયોગ, નવીનતા અને ટકાઉ આર્થિક વૃદ્ધિ માટે સક્ષમ વાતાવરણ બનાવવાની તેની પ્રતિબદ્ધતામાં અડગ છે.

# સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વધુ સુદ્રઢ કરવા રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

જુનાગઢ તા. ૧૧

દેશના પશુપાલન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતનું યોગદાન મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વધુ સુદ્રઢ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે કરેલા નિર્ણયની વિગતો આપતા પશુપાલન મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટની સ્થાપના, કેટલફીડ ફેક્ટરીની સ્થાપના, એરીયા સ્પેસિફિક મિનરલ મિક્ષર પ્લાન્ટની સ્થાપના, સાઈલેજ બેલીંગ યુનિટ હાર્વેસ્ટર કમ ચોપર સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે જૂનાગઢ, મોરબી અને જામનગર જિલ્લા સહકારી દૂધ સંઘો માટે રાજ્ય સરકારે રૂ.૧૬.૮૯ કરોડની સહાય મંજૂર કરી છે.

મંત્રી શ્રી પટેલે કહ્યું કે, રાજ્ય સરકારના આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના પશુપાલકોને દૂધનું સારુ વળતર મળશે અને પશુપાલન વ્યવસાયને વેગ મળશે. તેમણે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને ૨ ન્ન્ઢ પ્લાન્ટના નવીનીકરણ અને ૨ ્ઢ પનીર પ્લાન્ટ સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૦૬૯.૧૩ લાખની સહાય મંજૂર કરી છે. આ પ્લાન્ટના ઓટોમેશનથી પ્રોડક્શન કોસ્ટમાં ઘટાડો આવશે અને જિલ્લાના દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો થવાથી જૂનાગઢ જિલ્લાના પશુપાલકોની આવકમાં વૃધ્ધિ થશે. તેમણે કહ્યું કે, મોરબી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મોર્ડન મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ ૨ લાખ લીટર પ્રતિ દિનની સ્થાપના માટે પણ રાજ્ય સરકાર દ્વારા રૂ.૪૭૫.૮૯ લાખની સહાય મંજૂર કરી છે.

મયુર ડેરી-મોરબી દ્વારા આ મત્વકાંક્ષી પ્રોજેક્ટ અમલીકરણ થવાથી દૂધ સંપાદન, દૂધ પ્રોસેસીંગમાં કોલ્ડ ચેઈન મેઈન્ટેનન્સ અને મૂલ્યવર્ધન થકી દૂધ તથા દૂધની બનાવટોની ગુણવત્તામાં વધારો થશે. વધુમાં તેમણે ઉમેર્યું કે, જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના એસ્ટાબ્લિસમેન્ટ ઓફ ૪૦ દ્ભન્મ્ઝ બેઝ ક્લસ્ટર મિલ્ક ચિલિંગ સ્ટેશન વિથ સેન્ટ્રલ લેબોરેટરી એન્ડ ગોડાઉનની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૪૪.૦૮ લાખની સહાય મંજૂર કરવામાં આવી છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

### શિક્ષણ વિભાગ દ્વારા શાળાની બાળાઓ સ્વરક્ષણ કરી શકે તે અંતર્ગત

# રાણી લક્ષ્મીબાઈ સ્વરક્ષણ તાલીમની સ્કીમનું જૂનાગઢ ગ્રામોદ્યોગ શાળાથી આરંભ





જૂનાગઢ, તા.૧૧

મહિલા સુરક્ષા ધ્યાને લઈને મહિલાઓને ઘરમાં તથા ઘર બહાર જાય ત્યારે તેને સુરક્ષા મળી રહે એ માટે મહિલા સ્વયં સક્ષમ બને એ જરૂરી હોઈ સુરક્ષા સેતુ યોજના હેઠળ સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી રહી છે.

યોજનારાણીલક્ષ્મીબાઈ સ્વરક્ષણ તાલીમ ની સ્કીમનો પ્રારંભ જૂનાગઢની ગ્રામોદ્યોગ પ્રાથમિક શાળાથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિરાંત પરીખે કરાવ્યો છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલની દીકરીઓ સક્ષમ બને અને પોતાનો સ્વરક્ષણ કરી શકે તે અંતર્ગત રાણી લક્ષ્મીબાઈ સ્વરક્ષણ તાલીમ ની સ્કીમનો પ્રારંભ કરાયો છે.

આ તકે જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે, આખા જિલ્લામાં દરેક પ્રાથમિક શાળામાં આ તાલીમ અંતર્ગત દીકરીઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવશે. જેથી જીવનમાં કોઈપણ શારીરિક હુમલો કરવામાં આવે કે કોઈપણ તકલીફ પડે તેઓ પોતાનું સ્વરક્ષણ કરી શકે તે મુખ્ય હેતુ રહેલો છે. આ તાલીમ લગભગ અઢી ત્રણ મહિના સુધી ચાલશે અને ત્રણ સેશનમાં આ તાલીમનું આયોજન કરવામા આવેલ છે.

તેમણે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનીનાં વાલીઓને જણાવ્યું હતું કે આજે એક ચળવળ છે, સ્વરક્ષણ અને ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા જે ચલાવવામાં આવી રહી છે, એ મુહિમમાં વધુ જોડાય તેમના દીકરીઓ સારામાં સારી રીતે કુશળ થાય તેની ખાતરી રાખે અને આપણે નારી શક્તિ દ્વારા એક સશક્ત ભારતની અને ગુજરાત રાજ્યનું નિર્માણ કરે એના માટે હું સૌને આહવાન કરું છું. તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વિપુલ ઘુંચલાએ રાણી લક્ષ્મીબાઈ સ્વરક્ષણ તાલીમ ની સ્કીમ અંગે વિગતો આપી હતી.

### UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિની ૫મી આવૃત્તિ

# આર્ટ ઈન્સ્ટોલેશન્સ પોતાના જટિલ વિવરણ અને પ્રતિકોના માધ્યમથી ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે

અમદાવાદ, તા.૧૧

ટોરેન્ટ ગ્રૂપના **UNM** ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની ૫મી આવૃત્તિમાં ઈકારસની પુનર્કલ્પિત ગ્રીક દંતકથાઓ, સ્ક્રોલ પેઈન્ટિંગ અને સંસ્કૃતિ, જૈવિક ઓળખ અને સામાજિક પ્રભાવો વચ્ચેના ગૂંચવણભર્યા સંબંધો દર્શાવતા આર્ટ ઈન્ટોલેશન મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલા છે. સંવિત જોષીએ પોતાનું આર્ટ ઈન્સ્ટોલેશન ૨૧મી સદીના ઈકારસની પ્રસ્તુત કર્યુ. જેમાં ઈકારસની ગ્રીક પૌરાણીક દંતકથાને આધુનિક માનવતાના પ્રતિક તરીકે પુનઃકલ્પિત કરવામાં આવી છે. પેપર-માચે આકૃતિ વર્તમાન સમયની અસુરક્ષા અને લાપરવાહ પ્રગતિનું પ્રતીક છે, જે નિરંતર વિકાસ અને સંસાધનોના દુરઉપયોગના સંભવિત દુષ્પરિણમો અંગે ચેતવણી આપવાનું કામ કરે છે. આ આર્ટ ઈન્સ્ટોલેશ ઈકારસની દુખદ કહાની અને આપણા પોતાના અહંકારનો પડઘો પાડે છે. ઓલિવા સાહા છેલ્લા ૬ વર્ષથી વિઝ્યુઅલ આર્ટિસ્ટ તરીકે કામ કરે છે. ઓલિવાએ તેના આર્ટ ઈન્સ્ટોલેશન તરીકે એપિસોડિક નરેશન ઓન ડિઝાઈન રોલ રજુ કર્યુ છે, જેમાં તેમણે મહિલાઓની સામાજિક સ્થિતી ઉજાગર કરતા સ્ક્રોલ પેઈન્ટિંગનું પ્રદર્શન કર્યું છે. તે સામાજિક અડચણો અને મહિલાઓની ચારે બાજુ મર્યાદાઓની દિવાલો ઉભી કરનાર પુરૂષપ્રધાન દ્રષ્ટિકોણને દુર કરવાનો પ્રયત્ન કરે છે. બેબાકપણુ અને વ્યંગ ઉપરાંત તે આર્કિટેક્ચરલ પેટર્ન દ્વારા વ્યક્તિગત અનુભવો સાથે પરંપરાઓને જોડતીને આ પુરૂષપ્રધાન દ્રષ્ટિકોણને પડકારે છે.

ડોલા શિકદર પોતાના વિઝ્યુઅલ ઈન્સ્ટોલેશન ધ મિથ ઓફ બેલોન્ગિંગ દ્વારા આકર્ષણ અને આશંકાના મિશ્રણ સાથે સ્માર્ટફોનની અસરો અંગે વિચારો કરતા સંસ્કૃતિ, જૈવિક ઓળખ અને સામાજિક પ્રભાવો વચ્ચેની જટિલ કડીઓને રજુ કરે છે. તેમની કલા સ્પષ્ટ કરે છે કે કઈ રીતે પરિવાર, સંસ્કૃતિ અને ભુગોળ સ્વ-દ્રષ્ટિને આકાર આપે છે, વ્યક્તિગત ઓળખ અને વિશ્વ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાનું અવલોકન કરવા માટે પરંપરાઓને તોડી નાખે છે. પારદર્શક સુતરાઉ કાપડ ઉપર તેમણે વ્યક્તિગત વ્યક્તિત્વની જટિલતાને દર્શાવે છે, જે આપણી જાતની બહુપક્ષીય ભાવનાનું પ્રતીક છે.

# સોમનાથમાં એક સમયે અને હાલ જૂનાગઢમાં આદિકાળથી દુધિયા બાજરાની બોલબાલા છે

### શિયાળાની ઋતુમાં તન, મન અને બદનને ટનાટન રાખતા ચુલાની સીંદુરીયા જવાળાઓમાં માટીની તાવડી ઉપર ગરમા-ગરમ દડા જેવો ફુલેલો બાજરાનો રોટલો ખાઈ શિયાળાની ટાઢ- વાનગી આપણે ખાઈએ છીએ



વેરાવળ તા. ૧૧

સમગ્ર વિશ્વએ આજે બાજરાની સ્વીકૃતિ આપી મિલેટ્સ પ્રચાર-પ્રસારથી બાજરાના એ યુગને જીવંત કરવા પ્રયાસ ભરપુર રીતે કરાઈ રહયો છે. એ બાજરાની દુધિયો બાજરો નાગર જ્ઞાતિની વિશિષ્ટતા છે જે આદિકાળથી ખાસ કરીનો જૂનાગઢના નાગર જ્ઞાતિમાં પુત્રના નામકરણ વિધી વખતે ખાસ દુધિયો બાજરો બનાવી તે દિવસે નામ પાડવા આવેલ સૌને અપાય છે. આ અંગે જૂનાગઢના અગ્રણી નાગર અમર વૈષ્ણવ સાથે રૂબરૂ મુલાકાતમાં અને મોબાઈલ સોશ્યલ મિડીયા ઉપર ઋષિકેશ વસાવડાએ મુકેલ પોસ્ટ આભાર સાથે રજુ કરીએ છીએ.

અમર વૈષ્ણવ કહે છે 'નાગરોમાં જયારે નવજાત જન્મેલા બાળકનું નામકરણ વિધી વખતે ખાસ દુધિયો બાજરો બનાવવામાં આવે છે અને નામ પડી ગયા પછી સૌને અપાય છે.' આ દુધિયો બાજરો બનાવવા બાજરાને ખંડણીમાં ખાંડવો પડે પછી તેને પાણીમાં ૬ થી ૮ કલાક પલાળવો પડે અને કોટનના કપડામાં તેને પહોળો પાથરી તેમાંનું પાણી નીકળી જાય અને ભેજ નીકળી જાય પછી તેને હળવા હાથે ખાંડવાનું જેથી તેની ફોતરીઓ નીકળી જાય અને બીજ રહે. તે બીજને દુધ-પાણીમાં બાફવાનું અને તે ભાગ તપેલીમાં જામી જાય અને પછી જો ૫૦૦ ગ્રામનું માપ રાખ્યું હોય તો બે, અઢી લીટર દુધ નાખવું અને દુધ ઉકળવા માંડે એટલે બાફેલો બાજરો તેમાં ઉમેરી દેવાનો અને દુધમાંથી પાણી બળી જાય ત્યાં સુધી તેવતાથી હલાવ્યે રાખવાનું અને જેવો મીણ જેવો એકરસ થઈ જાય એટલે પોણો કિલો ખાંડ નાખી પાણી સંપુર્ણ બળી જાય તે રીતે હલાવવું. થોડી ક્ષણ બાદ વચ્ચો-વચ્ચ તવેથો સીધો ઉભો રહે ત્યાં સુધી ખાંડ બાળી નાખવી અને પછી ઠંડો પડે એટલે તેમાં ખમણેલું શ્રીફળ છીણ ભરભરાવી પીરસતા પહેલા દેશી સુગંધી ગુલાબની પાંદડીઓ નાખવી.

ઋષીકેશ વસાવડાએ ફેસબુક, સોશ્યલ મિડીયામાં દુધિયા બાજરાની સરસ રેસીપી મુકી લોકોએ મેસેજ બોકસમાં ઢગલાબંધ આ રેસીપી જાણવા ઈચ્છા વ્યકત કરી. તેઓ પણ કહે છે પહેલા પલાળીને સુકવીને કોરો કર્યા બાદ ખાંડણી-દસ્તાથી ઓખણી ઝાટકી તેના ફોતરા કાઢી ફેટવાળાદુધમાં, કુકરમાં બાજરો બાફી લેવાનો જે સાત વ્હીસલથી બફાઈ જાય પછી મોટા તપેલામાં દુધ ઉપર ઠાલવી દેવો. તેઓ કહે છે સતત હલાવતા રહવો જોઈએ. દુધ, ખાંડ, પાણી બાળી નાખી પછી ઠરે એટલે ખમણેલું જાયફળ, લીલા નાળીયેર, ખમણ નાખીનો હલાવવું. આમ તાકાતવંતા બાજરામાંથી રોટલા સિવાય પણ શક્તિ પ્રચુર અન્ય વાનગીઓ બને છે.

### જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, સરદાર સ્મૃતિ કેન્દ્ર દ્વારા

# ખેડૂત મહિલાઓ અને ભાઈઓ માટે બેકરી તાલીમ અને ખેડૂત ચર્ચા સભાનો ક્ષેત્રીય તાલીમ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ કૃષિ યુનીવર્સિટીના કુલપતિ ડો.વી.પી.ચોવટીયાની પ્રેરણાથી અને વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એન.બી.જાદવના માર્ગદર્શનથી સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી કચેરી, જૂનાગઢ દ્વારા ધોરાજી ખાતે ક્ષેત્રીય બેકરી તાલીમ તથા ખેડૂત ચર્ચા સભા નું આયોજન કરવામાં આવ્યું હતુ.


તેમાં ડો. એસ. જે. દોંગા એ પ્રારંભિક ઉદબોધન કર્યુ બાદ ડો.એમ.કે.જાડેજા એ જૂનાગઢ કૃષિ યુનીવર્સિટીમાં થતી પ્રવૃતિઓ જેવી કે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ઉપરાંત કેન્દ્રીય તાલીમ અને પ્રાકૃતિક ખેતી વિષે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ ડો. શિવાની પટેલ એ જુદા જુદા પાકોમાં આવતા જીવતો વિષે માહિતી આપી અને તેનું ક્યાં સ્ટેજ ઉપર નિયંત્રણ કરવું તો અસરકારક નિયંત્રણ થાય તેની સમજણપૂર્વક માહિતી આપી ખેડૂતોને માહિતગાર કર્યા હતા. વી.બી. પરડવા એ ખેડૂતોને ચણાની પાછલી માવજત વિષે માહિતી આપી અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું ત્યારબાદ ડો. ડી.એસ.ઠાકરે બેકરીશાળામાં ચાલતા વિવીધ કોર્ષ વિષે માહિતી આપી બહેનોને માહિતગાર કર્યા હતા. તેમજ સ્વરોજગાર થવા બેકરી બનાવવા જરૂરી માર્ગદર્શન આપી બહેનોને પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સરદાર સ્મૃતિ કેન્દ્રના ડો.એમ.કે. જાડેજા, ડો.એસ.જે. દોંગાએ જહેમત ઉઠાવી હતી.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રૂા. ૪.૩૦ કરોડના ખર્ચે પુનઃનિર્મિત સર પી.એન. રોડનું લોકાર્પણ

### પડાણા પાટિયાથી ચંગા પાટિયા સુધીનો ૩૦ કિ.મી. લાંબો રોડ કેબિનેટ મંત્રીઓ રાઘવજીભાઈ પટેલ અને મુળુભાઈ બેરા તેમજ સાંસદ પૂનમબેન માડમના હસ્તે રાજ્ય સરકારને સુપ્રત

### પડાણા પાટિયા સર્કલનું રૂા. ૭૦ લાખના ખર્ચે સુશોભન, રોડની બંને બાજુએ રૂા. ૧.૫૩ કરોડના ખર્ચે ટ્રી-ગાર્ડ સાથે ૬,૧૧૩ વૃક્ષોનું રોપણ કરાયું







(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૧

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા જામનગર જિલ્લામાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના પડાણા પાટિયા- ચંગા પાટિયા વચ્ચેના ૩૦ કિલોમીટર લાંબા મુખ્ય જિલ્લા માર્ગ- સર પી. એન. રોડ (**All Weather Road**)નું રૂા. ૪.૩૦ કરોડના ખર્ચે પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્ય ધોરીમાર્ગના ઉચ્ચતમ ગુણવત્તાના માપદંડોથી પણ અધિક ગુણવત્તા મુજબના આ રોડને આજરોજ કંપની દ્વારા ગુજરાત રાજ્યના માનનીય કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ગુજરાત રાજ્યના માનનીય પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ મંત્રી મુળુભાઈ બેરા તથા જામનગરના સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારને સુપરત કરાયો છે. આ રોડનું પુનઃનિર્માણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્રૂપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, પડાણા પાટિયા પર ટ્રાફિક આઈલેન્ડ સર પી.એન. સર્કલ રૂા. ૭૦ લાખના ખર્ચે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા તૈયાર કરાવામાં આવ્યું છે. તદુપરાંત, સર પી.એન. રોડની બંને બાજુએ વૃક્ષારોપણની કાર્યવાહી હાથ ધરતા કંપનીએ ટ્રી-ગાર્ડ સાથે કુલ ૬,૧૧૩ વૃક્ષોનું રોપણ કર્યું છે અને આગળ ઉપર પણ પર્યાવરણ સંવર્ધન કાર્ય ચાલુ રાખશે. આ કામ પાછળ રિલાયન્સ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ (**CSR**)ના ભાગરૂપે રૂા. ૧.૫૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે અને આગામી ત્રણ વર્ષ સુધી આ વૃક્ષોની માવજત પણ કંપની કરશે.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પડાણા ખાતે રિલાયન્સ દ્વારા નિર્મિત અને છેલ્લાં સાત વર્ષથી કાર્યરત પશુ ચિકિત્સાલયની મુલાકાત લીધી હતી, તેમજ સર પી.એન.રોડ તથા પશુ ચિકિત્સાલયના કારણે આસપાસનાં ગામોના લગભગ બે લાખ લોકોના જીવનધોરણમાં સકારાત્મક પરિવર્તન આવ્યું હોવાનો ઉલ્લેખ કરીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૫ ઉપરના પડાણા પાટિયાને રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૭ ઉપર આવેલા ચંગા પાટિયા સાથે જોડતા ૩૦ કિ.મી. લંબાઈના મુખ્ય જિલ્લા માર્ગ એવા સર પી.એન. રોડનું પોતાના સામાજિક ઉત્તરદાયિત્વના (**CSR**) ભાગરૂપે રૂા.૮૬.૯૬ કરોડના ખર્ચે બાંધકામ કરાયું હતું. ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના હસ્તે જાન્યુઆરી ૨૧,૨૦૧૬ના રોજ આ ઓલ-વેધર રોડનું લોકાર્પણ કરાયું હતું. ત્યારબાદ ત્રણ વર્ષ માટે આ રોડનો નિભાવ પણ રિલાયન્સ દ્વારા કરવામાં આવતો હતો.

આ માર્ગના લોકાર્પણના આશરે ૬-૭ વર્ષ બાદ તેના મહ્દ સમારકામની જરૂરિયાત અનુભવાતા આસપાસના ગામોના સરપંચો તથા સ્થાનિક આગેવાનોની રજૂઆતોને ધ્યાને લઈને આ માર્ગનું ફરીથી એક વખત પુનઃનિર્માણ રિલાયન્સ દ્વારા તેઓની **CSR** પ્રવૃત્તિના ભાગરૂપે કરી આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મૈયબેન ગરસર, જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરપર્સન મનીષાબેન કણઝારીયા, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરપર્સન હુલ્લાસબા જાડેજા, જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરપર્સન પ્રવિણાબેન ચભાડીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિનોદભાઈ વાડોદરીયા, લાલપુર તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવિણસિંહ જાડેજા તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# હવે ચિત્તો જોવો હોય તો કચ્છમાં જોવા મળશે

### બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાના સંરક્ષણ, સંવર્ધન માટેનો પ્રોજેક્ટ તૈયાર



ગાંધીનગર,તા. ૧૧

કચ્છ માટે વધુ એક નજરાણું તૈયાર છે. પ્રથમવાર બન્નીના ઘાસના મેદાનમાં ચિત્તાના સંરક્ષણ- સંવર્ધન માટેના બ્રિડિંગ સેન્ટરને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ભૂતકાળમાં બન્ની ગ્રાસ લેન્ડ ચિત્તાનું રહેઠાણ હતું તે હવે પુનઃ વિશ્વ ફલક પર જાણીતુ બનશે. કચ્છમાં બન્નીના મેદાનમાં ચિત્તાના સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્ર માટે બ્રિડિંગ સેન્ટર બનશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને આપી ચિત્તાના સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્રની ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સીધા માર્ગદર્શનમાં કચ્છ આજે માત્ર ભારત જ નહીં પણ પ્રવાસન ક્ષેત્રે વિશ્વમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' ના મંત્રને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કચ્છ માટે વધુ એક નજરાણું ઉમેરાયું છે. કચ્છમાં પ્રથમવાર બન્નીના ઘાસના મેદાનમાં ચિત્તાના સંરક્ષણ- સંવર્ધન માટેના બ્રિડિંગ સેન્ટરને કેન્દ્ર સરકાર દ્વારા આજે મંજૂરી આપવામાં આવી છે તેમ વન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું. વન મંત્રી મુળુભાઈએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, દેશમાં ચિત્તાની વસ્તી પુનઃસ્થાપિત કરવા માટે ચિત્તાના સંવર્ધનને ટેકો આપવાના હેતુ સાથે ગુજરાતના કચ્છ જિલ્લાના બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાના સંરક્ષણ સંવર્ધન માટેનો પ્રોજેક્ટ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરીને નેશનલ કોમ્પેન્સેટરી ફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ ઓથોરિટી (નેશનલ કેમ્પા) હેઠળ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હીને મંજૂરી માટે મોકલી આપવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટને આજે તા. ૦૮.૧૨.૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય **CAMPA**ની કાર્યકારી સમિતિની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે જે ગુજરાત માટે ગૌરવ સમાન છે. નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (**NTCA**) આ પ્રોજેક્ટની પ્રગતિ પર નજર રાખશે. મંત્રીએ કહ્યું હતું કે, ભૂતકાળમાં બન્ની ગ્રાસલેન્ડ ચિત્તાનું રહેઠાણ હતું. સમયાંતરે ચિત્તા લુપ્ત થયા હતા. ગુજરાતે પહેલ કરીને બન્ની ગ્રાસલેન્ડ વિસ્તારમાં ચિત્તાનું બ્રીડીંગ સેન્ટર બનાવવા માટેનો પ્રોજેકટ તૈયાર કરીને ભારત સરકારને મોકલવામાં આવ્યો હતો. જેને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપતા હવે કચ્છનું બન્ની ગ્રાસલેન્ડ પુનઃ ચિત્તાના નિવાસસ્થાન તરીકે વિશ્વફલક પર જાણીતું થશે અને કચ્છ સહિત ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વધુ વેગ મળશે.

# જૂનાગઢ લો કોલેજમાં મહિલાઓ અને માનવ અધિકાર વિષયક જાગૃતિ શિબિર યોજાઈ : વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું



## મહિલાઓના બંધારણીય અધિકારો,વિવિધ કાયદા-જોગવાઈઓ-અમલીકરણ વ્યવસ્થા સંદર્ભે તજજ્ઞો-અધિકારીઓના વક્તવ્યો

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા એન.આર.વેકરીયા લો- કોલેજ & એન.આર. વેકરીયા માસ્ટર ઓફ લો-કોલેજ-જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે **International Day for the Elimination of Violence Against Women** નથી ચેતના ૨.૦ **Sexual Harassment at Workplace Prevention Week** માનવ અધિકાર દિવસ ઉજવણી કરવામા આવી હતી.

માનવ અધિકાર દિન નથી ચેતના ૨.૦ અંતર્ગત "મહિલાઓ અને માનવ અધિકાર" વિષય પર સોરઠની પ્રતિષ્ઠીત લો-કોલેજ-જૂનાગઢ ખાતે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને જાતિગત સમાનતા, સાયબર ક્રાઈમ, મહિલાઓ સબંધી કાયદાઓ અંગે તજજ્ઞો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સાયબર ક્રાઈમના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એન.એ.જોષીએ સાયબર ક્રાઈમનાં વિવિધ પ્રકારો, સોશિયલ મીડિયા દ્વારા કરવામાં આવતા અને ડિજિટલ ટેકનોલોજી દ્વારા આચરવામાં આવતા ગુનાઓ અને તેનાથી બચવા માટે સાવચેતીના પગલાંઓ વિશે તેમજ જો કોઈ સાયબર ક્રાઈમનો ભોગ બને તો શું કરવું ? તે અંગે જાણકારી આપી હતી. દહેજ પ્રતિબંધક સહ-રક્ષણ અધિકારી(ગ્રામ્ય) શ્રી બી.ડી.ભાડ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓ જેવી કે, સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી યોજના વગેરે

વિષે માહિતી આપી હતી. દહેજ પ્રતિબંધક સહ-રક્ષણ અધિકારી(શહેરી) શ્રી એમ.જી.વારસુર દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫ ની જરૂરિયાતથી લઈને તેની અમલવારી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. માસ્ટર ઓફ લો વિભાગના વડા ડો.નિરંજનાબેન મહેતાએ શાબ્દિક સ્વાગત સાથે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. લો-કોલેજના પ્રિન્સિપાલ ડો.પરવેઝ બ્લોચે માનવ અધિકાર અને મહિલાઓના અધિકારો વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતું. જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી ડૉ.ચંદ્રેશ ભાંભી દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમની વિવિધ જોગવાઈઓ, જાતિય ગુનાઓ સામે રક્ષણ આપતો અધિનિયમ (પોક્સો એક્ટ), મહિલાઓના બંધારણીય અધિકારો, જાતિય સતામણી તેમજ ભારતીય ફોજદારી કાયદાની મહિલા સુરક્ષાને લગતી વિવિધ કલમો અંગે ઉદાહરણો સાથે માહિતગાર કર્યા હતા. લો-કોલેજના અધ્યાપક ડો.સંજયકુમાર ધાનાણી, ડો.કલ્પના રાઠોડ, રવિ પરમાર તથા મહીલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીના કર્મચારીઓ તથા લો-કોલેજના વિદ્યાર્થીઓ,સ્ટાફ કર્મચારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઉના તાલુકાના ભાચા ગામે શ્રી મારૂ કુંભાર સમાજ આયોજિત યોજાયો ૩૧મો સમૂહ લગ્નોત્સવ





(નવીન જોષી દ્વારા)


ઉના તા.૧૧

ઉના તાલુકાના ભાચા ગામે શ્રી બી.એમ. નાંડોલા શૈક્ષણિક સંકુલ ખાતે શ્રી મારૂ કુંભાર જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા ૩૧ માં સમૂહ લગ્નોત્સવનાં મુખ્યદાતા શ્રી બાબુભાઈ ભગાભાઈ માળવી નાં અધ્યક્ષતામાં ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગીર સોમનાથ જિલ્લાના ઊના તાલુકાના ખાપટ, કંસારી, વાવરડા, ભાચા, ભડીયાદર, વાજડી અને ગીર ગઢડા તાલુકાના ધોકડવા, અંબાડા, જુના ઉગલા, કાંધી, પડા તેમજ આ ગામડાઓમાંથી ધંધાર્થે સુરત વાપી મુંબઈ સેલવાસ વલસાડ જુનાગઢ રાજકોટ અમદાવાદ તેમજ વિદેશની ધરતી પર રહી સમાજનાં વિકાસ માટે સતત ચિંતા કરતા ડાંગોદરા, નંદવાણા, કીડેચા માળવી, ભીલવાળા, ચાંદોરા, કોટવાળ, ટાંક, ટાંચક, નાંડોળા અને ગોલા (ગોહિલ) અટક ધરાવતા તમામ મારૂ કુંભાર સમાજ ના જ્ઞાતિ બંધુઓએ તન, મન અને ધનથી સેવામાં ભાગ લીધો હતો. આ સમૂહ લગ્નમાં ૨૧ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ સમૂહ લગ્નમાં તમામ દાતાશ્રીઓ, આગેવાનો, સ્વયંસેવકો તેમજ તાજેતરમાં સરકારી નોકરી મેળવી સમાજનું નામ રોશન કરનાર તમામનું સન્માન કરવામાં આવ્યુ હતું. આ સાથે શ્રી મારૂ કુંભાર સમાજ નું રાજકીય ગૌરવ એવા જિલ્લા શિક્ષણ સમિતિના નવનિયુક્ત ચેરમેન અને જીલ્લા ભાજપાના ઉપાધ્યક્ષ શ્રી પ્રકાશ ટાંક નું સમસ્ત મારૂ કુંભાર સમાજ વતી તેમજ બાર ગામ યુવક મંડળનાં યુવાનો દ્વારા મોમેંન્ટો તેમજ ભેટ આપી બહુમાન કરાયું હતું. આ સમૂહલગ્નમાં ઊના તાલુકાના લોકપ્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા. વેરાવળ નાં નામાંકીત વકીલ અને સમાજનું ગૌરવ પ્રવિણ ડાંગોદરા નું વિશેષ યોગદાન રહ્યું હતું.

૩૧ માં સમુહ લગ્નને સફળ બનાવવા માટે શ્રી મારૂ કુંભાર સમાજના પ્રમુખ રામજીભાઈ ડાંગોદરા, ટ્રસ્ટના પ્રમુખ મણીભાઈ નંદવાણા, સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ રસિકલાલ ટાંચક, યુવા પ્રમુખ ભાવેશ ડાંગોદરા, રણજીત ડાંગોદરા, કમલેશ માળવી, વજુભગત, તેમજ મહિલા પ્રમુખ વૈશાલીબેનની ટીમે મહિલા વિભાગમાં જમણવાર ની જહેમત ઉઠાવી હતી.

# વેરાવળ : આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ યોજાયો





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૧

વેરાવળની આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કૂલમાં પોલીસવડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ટ્રાફિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જિલ્લા ટ્રાફિક પોલીસ વિભાગ અને સીટી પોલીસ વેરાવળ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથ, અને સોશિયલ એક્ટિવિસ્ટ અનિષ રાચ્છના સંયુક્ત ઉપક્રમે સ્કૂલના બાળકોને નાનપણથી જ ટ્રાફિક નિયમો અંતર્ગત સમજણ આપવા મુખ્ય જિલ્લા ટ્રાફિક પોલીસ એસ. કે. મહેતા, વેરાવળ સીટી પી આઈ મકવાણા, ડી સ્ટાફના રાયજાદા, ટ્રાફિક પોલીસના ભરત રાઠોડ, પ્રતાપભાઈ પરમાર, મુકેશભાઈ વાળા, વરજાગભાઈ ધામા, સરમણભાઈ નંદાણીયા, વિજયભાઈ બારડ સહિતનાની ઉપસ્થિતિમાં બિરલા સ્કૂલના પ્રિન્સિપાલ યોગેશ પાલીવાલના અધ્યક્ષ સ્થાને સ્વાગત પ્રવચન બાદ બંને શિફટ મળી કુલ ૧૫૦૦ થી વધુ બાળકોને પેમ્પલેટ, બ્લોચર્સ તેમજ બેનર્સ દ્વારા ટ્રાફિક નિયમો માટે શું તકેદારી રાખવી તે અંગેની સંપૂર્ણ સરળ ભાષામાં સમજણ આપી જિલ્લામાં એક્સિડન્ટો થતા અટકાવવા નાનપણથી જ તેનું શિક્ષણ મળે તે હેતુથી ટ્રાફિક નિયમો પાળવા સંકલ્પ લેવડાવી બાળકોના વાલીઓ ટ્રાફિક નિયમોનુ પાલન કરે તેવુ આહવાન કરવામાં આવેલ આ તકે સ્કૂલ મેનેજમેન્ટ તરફથી ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ અવેરનેસ પ્રોગ્રામને સફળ બનાવવા સ્કૂલ મેનેજમેન્ટ, સ્ટાફે જહેમત ઉઠાવેલ હોવાનું યાદીમાં જણાવાયું છે.

# ગીરગઢડા તાલુકા ના બોડીદર ગામે ગૌચરની જમીન પેશકદમી કરેલ પરંતુ તંત્ર ઘોર નિંદ્રામાં

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૧

સરકાર ના ચોપડે સૌથી વધુ ગૌચર ની જમીન હોય તો લગભગ ગીર ગઢડા તાલુકા ના બોડિદર ગામે ૧૦૦૦ થી ૧૨૦૦ વિઘા જમીન ગૌચર ની ગામને અડીને આવેલ છે પરંતુ તંત્ર ને અનેક વાર લેખિત અને મૌખિક ફરિયાદ કરેલ હોવા છતાં તંત્ર કેમ ધ્યાન નથી આપતી એ સમજવા જેવી બાબત છે અને ગામ ના અધિકારી અને પદાધિકારી પણ આ ગૌચર ની પેશકદમી માં સંડોવાયેલ હોવાનું જાણવા મળેલ છે એટલેજ તંત્ર કોઈ કાર્યવાહી કરવા માં આંખ આડા કાન કરતી હોવાનું માલુમ પડ્યું છે અને ગામના લોકો આવેદનપત્ર આપે છે એ પોતાના લોકો દ્વારા ગૌચર ની જમીન પેશકદમી કરેલ હોવાનું જાણવા મળેલ છે ત્યારે સરકાર દ્વારા ગૌચર ખુલી કરવાના આદેશ ને પણ તંત્ર ઊલાલિયો કરતા હોવાનું નજરે પડે છે જ્યારે બીજી બાજુ ગૌચર પેશકદમી કરેલ લોકો એક બીજા નો વદાર કરે છે કે કોની પેશકદમી પેલા ખુલી કરે તો અમે અમારી પેશકદમી ખુલી કરીએ અને ગામ ના પ્રતિષ્ઠિત લોકો દ્વારા ગૌચર પેશકદમી કરેલ હોવનું પણ સૂત્રો દ્વારા જાણવા મળેલ છે હવે જોવાનું એ રહેશે કે તંત્ર ગૌચરની પેશકદમી દુર કરવાની કામગીરી કોનાથી શરૂઆત કરશે!!

# ઉના : એસટી ડેપોમાં સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૧

સમગ્ર ગુજરાતમાં શુભ યાત્રા સ્વચ્છ યાત્રા અભિયાન શરૂ છે ત્યારે ઊના એસ.ટી. ડેપો મા આજે ઊના ના તળાવ કાંઠે આવેલ શ્રીમાધ્યમિક શાળા ના શિક્ષકો અને વિદ્યાર્થીઓ એ બેન્ડ વાજા સાથે સ્વચ્છતા ના બેનરો લઈ રેલી કાઢી ઊના બસ સ્ટેશન પહોંચેલા અને તેની સાથે ડેપો મેનેજર એલ ડી. રાઠોડ અને કર્મચારીઓ જોડાયા હતા અને વિદ્યાર્થીઓ એ મુસાફરો ને સ્વચ્છતા જાળવવા માટે એક સુંદર નાટક ભજવી સંદેશો આપેલ હતો અને તમામ વિદ્યાર્થીઓ ને ઊના એસ.ટી. ડેપો દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.

# ઉના : જામગરી બંદુક ઝડપાઈ

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૧

જિલ્લા પોલીસ વડા મનોહર સિંહ જાડેજાની સૂચના થી જિલ્લા ની એસ. ઓ.જી. શાખા ના પોલીસ નટવર સિહ ગોહિલ, સુભાષ ભાઈ ચાવડા અને સ્ટાફ ઊના પંથકમાં પેટ્રોલિંગ માં હતો ત્યારે ઊના તાલુકાના વાવરડા થી કાંધી જતા રોડ ઉપર આવેલ કેનાલ ની પાસે વાવરડા ની સીમ માં એક શખ્સ શંકાસ્પદ હાલત માં ઉભેલ હોય તેની પૂછ પરછ કરતા તેમણે તેમનું નામ સોહિલ ઉર્ફે છોટુ અહેસાન ભાઈ ઉનડજામ રે. ઊમેજ તા. ઊના જણાવેલ અને તેમની તપાસ કરતા તેમની પાસે થી દેશી જામગરી બંધુક નગ એક રૂપિયા ૧૦૦૦/ની મળી આવેલ તેમની પાસે કોઈ પરવાનો કે કાગળો ના હોય તેથી તેમની સામે ગુનો દાખલ કરી ઊના પોલીસને સોંપેલ હતો.

# કલ્યાણપુર : કુવામાં કામ કરી રહેલા યુવાન પર ભેખડ ધસી પડતા કરૂણ મોત



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

કલ્યાણપુર તાલુકાના રાણ ગામે રહેતા દેવરામભાઈ પેથાભાઈ નકુમ નામના ૩૫ વર્ષના સતવારા યુવાન શનિવારે સવારના સમયે તેમની વાડીના કૂવામાં કામ કરી રહ્યા હતા, તે દરમિયાન એકાએક તેમના પર ભેખડ ધસી પડતા તેમને માથાના ભાગે તથા શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ સાથે ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ બનાવની જાણ મૃતકના મોટાભાઈ વેલાભાઈ પેથાભાઈ નકુમએ કલ્યાણપુર પોલીસને કરી છે.

# વેરાવળ : વિદેશી દારૂની ૩૫ બોટલનાં જથ્થા સાથે મચ્છીના વેપારી ઝડપાયા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૧

વેરાવળમાંથી મોંઘીદાટ વિદેશી દારૂની ૩૫ બોટલોના કીં. રૂા.૭૦ હજારના જથ્થા સાથે ડી-સ્ટાફ ટીમે મચ્છીના વેપારીને ઝડપી પાડતા ચકચાર પ્રસરી છે.

થર્ટી ફસ્ટ નજીક આવી રહી છે ત્યારે પ્યાસીઓ અને બુટલેગરો અત્યારથી જ પોતાની તૈયારી કરવા અર્થે સક્રીય થયા છે. જેને રોકવા સામે વેરાવળ પોલીસ પણ અત્યારથી જ સક્રીય બની હોય તેમ કડક કામગીરી શરૂ કરી છે. જે અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ પીઆઈ એ.એમ. મકવાણાની સુચનાથી પેટ્રોલીંગ કરી રહેલ સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ આર.આર. ગળચર તથા સ્ટાફના અશોક મોરી, વિશાલ ગળચર, સુનીલ સોલંકી અનિરૂધ્ધસિંહ રાયજાદાએ મળેલ બાતમીના આધારે અત્રે ડાભોર રોડ ઉપર સીંધી સમાજની વંડી પાસે રહેતા મચ્છીના વેપારી રાજેશ ઉર્ફે કાંબલી બાબુ ચોમલ ઉ.વ.૪૭ ના ઘરે દરોડો પાડયો હતો. ત્યારે ઘરમાં એક થેલામાં રાખેલ મોંઘીદાટ વિદેશી દારૂની ૩૫ બોટલો કી.રૂ.૭૦ હજારનો જથ્થો મળી આવ્યો હતો. જેને લઈ વેપારી સામે પ્રોબીશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લોઢવા પે. સેન્ટર શાળામાં પોલીયાના ટીપા પીવડાવતા જીલ્લા પંચાયત સદસ્ય



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા.૧૧

લોઢવા પે. સેન્ટર શાળામાં પોલીયોબુથમાં ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોના ટીપા પીવડાવવાનો કાર્યક્રમ સમગ્ર દેશમાં હતો. લોઢવા પે. સેન્ટર શાળાના બુથ ઉપર લોઢવા જીલ્લા પંચાયત સદસ્ય જયાબેન જાદવભાઈ ભોળાએ હાજરી આપીને બાળકોને પોલીયોના ટીપા પીવડાવેલ હતા. આ પ્રસંગે આરોગ્ય કર્મચારીઓ તથા આશા વર્કર બહેનોએ હાજરી આપી હતી.

# મજેવડી દરવાજા કાંડમાં ભૂતપૂર્વ કોર્પોરેટર અબ્દ્રેમાન પંજાની ધરપકડ બાદ ત્રણ દિવસનાં રીમાન્ડ

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ શહેરમાં ગત તા. ૧૬ જૂન ૨૦૨૩નાં રોજ શહેરનાં મજેવડી દરવાજા ખાતે આવેલ ગેબનશાહપીર તથા ખીજનીશા પીર દરગાહને મામલે જૂનાગઢ મહાનગરપાલિકાએ દરગાહનાં આધાર પુરાવા પાંચ દિવસમાં રજુ કરવાની નોટીસ ચોંટાડી હતી. જે સંદર્ભમાં તા.૧૬ જૂનનાં રોજ મુસ્લીમ સમાજનાં ૫૦૦ થી ૬૦૦ માણસોનું ટોળુ ભેગું થયેલ તે દરમ્યાન પોલીસ અને ટોળા વચ્ચે ઘર્ષણ થયું હતું જેમાં પથ્થરમારાની ઘટના બની હતી તેમજ એક વ્યકિતનું મૃત્યું પણ થયું હતું જે અંગે જૂનાગઢ પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી હતી. જે કેસમાં વોર્ડ નં.૮નાં ભૂતપુર્વ કોર્પોરેટર અબ્દ્રેમાન પંજાને આરોપી તરીકે દર્શાવેલ પરંતુ આ ઘટનાક્રમ બાદ આરોપી નાસતા ફરતા હોય પોલીસે કાર્યવાહી શરૂ રાખતા તા. ૯-૧૨-૨૦૨૩નાં રોજ અબ્દ્રેમાન પંજાની તેમના સુજ્ઞી બોરવાવ સ્થિત એમ.એમ. પલેસ એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. દરમ્યાનમાં જૂનાગઢ પોલીસે અબ્દ્રેમાન પંજાને રીમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા અદાલતે ૧૩-૧૨-૨૦૨૩ સુધીનાં ૪.૦૦ કલાક સુધીનાં રીમાન્ડ મંજુર કરેલ છે.

# દ્વારકાધીશના ચરણોમાં સુવર્ણ આભૂષણ અર્પણ કરતા ભક્ત





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા ખાતે કાળીયા ઠાકોરને દ્વારકાધીશના પરમ ભક્ત એવા એક પરિવાર દ્વારા આશરે ૧૦૦ ગ્રામ વજન ધરાવતો મગ માળા તેમજ રત્ન જડિત સોનાનો હાર અર્પણ કરી, આસ્થા વ્યકત કરવામાં આવી હતી.


મહાનગર સેવાસદન, જૂનાગઢ
ટાઉન પ્લાનીગ વિભાગ

તા.10/12/2023

જાહેર નોટીસ

આથી તમામ દબાણકર્તા/અસરકર્તા અરજદારશ્રીને જણાવવાનું કે, કલેકટરશ્રી, જુનાગઢના તા.૧૨/૧૦/૨૦૨૩ ના પત્ર સહ સામેલ થઈ આવેલ ડી.આઈ.એલ.આર. / સીટી સર્વે કચેરી ધ્વારા તૈયાર કરવામાં આવેલ વોકળાની માપણી શીટ નં. ૧ થી ૧૦ અને ૧૨ થી ૧૩ માં કાળવા વોકળામાં થયેલ દબાણનું ડીમાર્કેશન સ્થળે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબતે અત્રેથી તા.૧૩/૧૦/૨૦૨૩ તથા તા.૧૬/૧૦/૨૦૨૩ થી દબાણકર્તા/અસરકર્તાને નોટીસ આપી સદર વોકળામાં થયેલ દબાણ / બાંધકામ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવવામાં આવેલ છે. તેમ છતાં સરનામાના અભાવે કે અન્ય કારણોસર નોટીસ ન મળેલ હોય તો આથી જણાવવામાં આવે છે કે સદર ડી.આઈ.એલ.આર.શ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલ માપણી મુજબ સ્થળે કરવામાં આવેલ ડીમાર્કેશન મુજબનું દબાણ/બાંધકામ દુર કરવાની કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવામાં આવનાર હોય, દબાણકર્તા/અસરકર્તા તમામ બાંધકામ આથી ખાલી કરવા સુચના આપવામાં આવે છે અન્યથા માલ સામાનને કોઈ નુકશાન થાય તો તેની જવાબદારી દબાણકર્તા/અસરકર્તાની રહેશે.

સિનીયર ટાઉન પ્લાનર
મહાનગરપાલિકા,જૂનાગઢ

# કેશોદ પાસે બાઈકમાં સાડી આવી જતા પ્રાંસલીનું દંપતી ખંડિત થયું

## અકસ્માતમાં ઈજાગ્રસ્ત મહિલાનું રાજકોટ ખાતે સારવાર દરમ્યાન મોત

જૂનાગઢ તા. ૧૧: કેશોદ પાસે બાઈકમાં સાડી આવી જતા મહિલાનું મોત થતાં પ્રાસંલી દંપતી ખંડિત થતા નાના એવા ગામમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ ગઈ હતી.

આ અકસ્માતની પ્રાપ્ત વિગતો એવી છે કે, કેશોદ તાલુકાના પ્રાસલી ગામે રહેતા નાગદાનભાઈ વીરાભાઈ ખાણીયા અને તેમના પત્ની મમતાબેન ઉ. વ. ૪૮ ગત તા. ૨૮ નવેમ્બરના રોજ પોતાના બાઈક ઉપર બેસીને બેંકના કામ અર્થે કેશોદ જતા હતા.

ત્યારે કેશોદથી ૧૦ કિલોમીટરના અંતરે આવેલ કરેણીથી પ્રાસલી રોડ ઉપર ભરતભાઈ મક્કાની વાડી પાસે બાઈકમાં મમતાબેનની સાડી આવી જતા પતિ, પત્ની ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં દંપત્તિને ઈજા થઈ હતી.

જેમાં મહિલાને વધુ ગંભીર ઈજા થવાથી રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાં ૨ ડિસેમ્બરના રોજ મમતાબેનનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું હતું. આ અકસ્માત મોત અંગે કેશોદ પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માળીયા પાસે ટ્રકની પાછળ બાઈક ઘૂસી જતા વેરાવળના યુવકનું મૃત્યુ : મિત્રને ઈજા

જૂનાગઢ તા. ૧૧: જુનાગઢનાં ગિરનારની યાત્રાએ આવતા બાઈક ટ્રકની પાછળ ઘૂસી જતા વેરાવળના યુવાનનું મોત થયું હતું. માળીયા પાસેના અકસ્માતમાં મૃતકનાં મિત્રને પણ ઈજા થઈ હતી. આ અકસ્માત અંગે પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી માહિતી એવી છે કે, વેરાવળના ૮૦ ફૂટ રોડ વિસ્તારમાં રહેતા યાજ્ઞિક સુનિલભાઈ થોર્વે ઉ. વ. ૩૨ નામનો યુવાન અને તેનો મિત્ર બાઈક ઉપર રવિવારે બપોરના જુનાગઢનો ગિરનાર ચડવાની યાત્રાએ આવી રહ્યા હતા. ત્યારે યાજ્ઞિક બાઈક હંકારી રહ્યો હતો. બંને મિત્રો માળીયા હાટીના તાલુકાના પાણીધ્રા ગામના પાટીયાથી જેતપુર, સોમનાથ હાઈવે ખાતેની દર્શન હોટલ પાસે પહોંચ્યા હતા. ત્યારે યાજ્ઞિકે બાઈક પરનો કાબુ ગુમાવતા અજાણ્યા ટ્રકની પાછળ બાઈક ઘૂસી ગયું હતું. આ અકસ્માતમાં યાજ્ઞિકનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ નીપજયું હતું. આ અંગે માળિયા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## કલમ-૩૭૦

પાના નં.૧ નું ચાલુ....

ભારતનાં રાષ્ટ્રપતિ પાસે કલમ-૩૭૦ સમાપ્ત કરવાનો અધિકાર છે તેથી કેન્દ્રનાં નિર્ણય પર સવાલ ઉઠાવવો ઉચિત નથી. સુપ્રિમ કોર્ટનાં આ આદેશથી સ્પષ્ટ છે કે, તા. ૫ ઓગષ્ટ, ૨૦૧૯નાં રોજ કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમમાંથી કલમ-૩૭૦ દુર કરવાનો જે નિર્ણય કર્યો તે નિર્ણય યથાવત રહેશે. એટલે કે, ૩૭૦ હટાવવી બંધારણીય રીતે યોગ્ય છે.

સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદા સાથે જે પાંચ મુખ્ય મુદાઓની સ્પષ્ટતા કરી તેમાં (૧) કલમ-૩૭૦ હટાવવાનો કેન્દ્રનો નિર્ણય યોગ્ય છે (૨) કલમ-૩૭૦ એક અસ્થાયી જોગવાઈ હતી. (૩) કેન્દ્ર સરકાર પાસે ૩૭૦ દુર કરવાનો અધિકાર છે (૪) ભારતમાં વિલય બાદ જમ્મુ-કાશ્મીર સાર્વભૌમ રાજય રહેતું નથી (૫) ૩૭૦ હટાવવા પાછળ કોઈ દુર્ભાવના નથી. આમ આ ચુકાદાથી જે બાબત સ્પષ્ટ થઈ છે તેમાં (૧) ભારતનાં બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ-કાશ્મીરને પણ લાગુ પડે છે (૨) રાષ્ટ્રપતિને ૩૭૦ હટાવવાનો અધિકાર છે (૩)૩૭૦ લાગુ કરવી એ અસ્થાયી નિર્ણય હતો. (૪) જમ્મુ-કાશ્મીરનો પુર્ણ રાજયનો દરજજો બહાલ કરવામાં આવે (૫) ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ સુધી જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવામાં આવે. આમ આજે સુપ્રિમ કોર્ટે કલમ-૩૭૦ ઉપર ઐતિહાસીક ચુકાદો આપીને છેલ્લા ૪ વર્ષથી જે અસમંજસની સ્થિતિ હતી તે દુર કરી દીધી છે તેટલું જ નહી સુપ્રિમ કોર્ટે તેના આદેશમાં વધુમાં એવું પણ જણાવી દીધું છે કે, સુપ્રિમ કોર્ટનાં આ ચુકાદા સામે અપીલ થઈ શકશે નહી. તેમજ આ બાબતે હવે કોઈપણ ચર્ચા નહી થાય. આમ સુપ્રિમ કોર્ટે તેના આદેશ દ્વારા કલમ-૩૭૦ અંગે તેનો અંતિમ નિર્ણય સંભળાવી દીધો છે.

# સૌરાષ્ટ્ર - કચ્છમાં હવે શિયાળો જામશે

## નલીયા ૮.૫ ડીગ્રી સાથે સૌથી ઠંડુ શહેર

રાજકોટ તા.૧૧ છેલ્લા બે-ત્રણ દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છમાં શિયાળાએ અસલી રંગ બતાવવાનું શરૂ કર્યુ છે.

ખાસ કરીને કચ્છમાં નલીયા અને સૌરાષ્ટ્રભરમાં રાજકોટ-પોરબંદર-અમરેલી સહીતનાં સ્થળોએ તિવ્ર ઠંડી અનુભવાઈ રહી છે. ત્યારે ચાલુ સપ્તાહમાં પણ ખાસ કરીને કચ્છમાં તિવ્ર ઠંડીનો અહેસાસ થશે તેવુ રાજય હવામાન વિભાગે જણાવેલ છે.

કચ્છમાં ખાસ કરીને નલીયામાં સિંગલ ડીજીટ તાપમાન યથાવત રહેશે. તેવો હવામાન વિભાગનો નિર્દેશ છે. દરમ્યાન આજરોજ પણ રાજયનું સૌથી ઠંડુ શહેર નલીયા રહેવા પામ્યુ હતું. નલીયામાં આજે સવારે પણ ૮.૫ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત આજે રાજકોટ-પોરબંદર અને ભુજવાસીઓએ પણ તીવ્ર ઠંડી અનુભવી હતી.

આજરોજ સવારે રાજકોટનુ લઘુતમ તાપમાન ૧૩.૫ ડીગ્રી અને પોરબંદરમાં ૧૩.૪ ડીગ્રી તથા ભુજ ખાતે ૧૫.૬ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. આ ઉપરાંત આજે સવારે અમદાવાદ ખાતે ૧૬.૫ ડીગ્રી વડોદરામાં ૧૬.૬ ડીગ્રી, ભાવનગરમાં ૧૮ ડીગ્રી અને ડીસામાં ૧૩.૮ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જયારે દિવમાં ૧૯ ડીગ્રી દ્વારકામાં ૧૮.૬ ડીગ્રી, કંડલામાં ૧૬.૬, ઓખામાં ૧૯.૯ સુરતમાં ૧૯ અને વેરાવળ ખાતે ૨૦ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.





